


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 161
Dt.: 17-04-2026,
Friday
Page:04
Rs.00.50 paisa


### વડાપ્રધાન મોદીએ સંસદમાં નેતાઓને આપી ચેતવણી

# આજે જે વિરોધ કરશે, તેને લાંબા સમય સુધી કિંમત ચૂકવવી પડશે

## નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આપણે ઈતિહાસ રચવા જઈ રહ્યા છીએ, દેશને એક નવી દિશા મળશે: દેશની અડધી વસ્તી રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદનું ત્રણ દિવસીય વિશેષ સત્ર આજે ગુરુવારથી શરૂ થયું છે. જેમાં આજે પહેલા દિવસે ત્રણ બિલ રજૂ પેશ થતાં જ ભારે હોબાળો મચી ગયો હતો. કોંગ્રેસે બિલ રજૂ થતાં જ કહ્યું હતું કે, સરકાર સંવિધાનને હાઈજેક કરવા માંગે છે. જ્યારે સમાજવાદી પાર્ટીના સાંસદ ધર્મેન્દ્ર યાદવે કહ્યું હતું કે, જ્યાં સુધી મુસ્લિમ મહિલાઓને આરક્ષણ નહીં આપવામાં આવે, ત્યાં સુધી આનો કોઈ અર્થ નથી. આના પર અમિત શાહે કહ્યું હતું કે, મુસ્લિમોને ધર્મના આધારે આરક્ષણ અસંવૈધાનિક છે. અખિલેશ યાદવે કહ્યું કે, આખો દેશ અડધી વસ્તીને આરક્ષણ આપવા માંગે છે. હું જાણવા માંગું છું કે મુસ્લિમ મહિલાઓ માટે શું? આના પર અમિત શાહે જવાબ આપ્યો કે, સમાજવાદી પાર્ટી તેની તમામ ટિકિટ મુસ્લિમ મહિલાને આપી દે, અમને કોઈ જ વાંધો નથી. જે બાદ આ બિલ લોકસભામાં રજૂ કરવા જોઈએ કે નહીં, તેના માટે વોટિંગ કરાવવામાં આવી હતી. જેમાં ૨૦૭ વોટમાં હા લખેલું હતું. એટલે કે બિલ રજૂ કરવાની તરફેણમાં ૨૦૭ વોટ મળ્યા હતા.

આ બાદ બપોરે ૩ વાગ્યે વડાપ્રધાન મોદીએ લોકસભામાં મહિલા આરક્ષણ પર પોતાની વાત મૂકી. લોકસભામાં મહિલા અનામત અને સીમાંકન વિષય પર બોલતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આપણે ઈતિહાસ રચવા જઈ રહ્યા છીએ, દેશને એક નવી દિશા મળશે. દેશની અડધી વસ્તી રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપશે.

તેમણે કહ્યું કે, મેં પહેલા પણ કહ્યું છે કે આપણે ભાગ્યશાળી છીએ કે રાષ્ટ્ર નિર્માણ માટે નીતિ નિર્માણ પ્રક્રિયામાં દેશની અડધી વસ્તીને સામેલ કરવાની તક મળી છે. આપણે બધા સાંસદોએ આ તક હાથમાંથી ન જવા દેવી જોઈએ.

પીએમ મોદીએ કહ્યું કે, મને વિશ્વાસ છે કે આ મંથનમાંથી નીકળતું અમૃત માત્ર દેશના રાજકીય પરિદૃશ્યને જ નહીં, પરંતુ દેશની દિશા અને સ્થિતિને પણ આકાર આપશે. તેઓએ કહ્યું કે, ૨૧મી સદીમાં, ભારત નવા આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. આપણે વિશ્વભરમાં ભારતની સ્વીકૃતિ અનુભવી રહ્યા છીએ. આપણા માટે સમય આવી ગયો છે. આ વિકસિત ભારત સાથે જોડાયેલું છે.

તેમણે કહ્યું કે, મારું માનવું છે કે વિકસિત ભારત ફક્ત રોડ, રેલ કે માળખાગત સુવિધાઓના આંકડાઓ વિશે નથી, પણ દેશની અડધી વસ્તી નીતિનિર્માણમાં ભાગ લે તે વિશે પણ છે. આપણે પહેલાથી જ મોડું થઈ ગયું છે. દરેક વ્યક્તિએ આ સ્વીકારવું



જોઈએ. જ્યારે આપણે એકલા મળીએ છીએ, ત્યારે આપણે સંમત થઈએ છીએ કે હા, આ જરૂરી છે. પરંતુ જેઓ ફક્ત રાજકીય દ્રષ્ટિએ વિચારે છે, તેમના માટે હું એક મિત્ર તરીકે એક સલાહ આપવા માંગુ છું, જે મદદરૂપ થશે.

પીએમ મોદીએ કહ્યું કે, આપણા દેશમાં જ્યારે-જ્યારે મહિલા આરક્ષણને લઈને ચર્ચા થઈ અને ત્યારબાદ જ્યારે-જ્યારે ચૂંટણી આવી છે, ત્યારે મહિલાઓને મળતા આ અધિકારોનો જેઓએ વિરોધ કર્યો હતો, મહિલાઓએ તેમને માફ કર્યા નથી. એટલે કે મહિલાના અધિકારોનો વિરોધ કરનારને સૌથી ખરાબ પરિણામ ભોગવવા પડ્યા છે. ૨૦૨૪ની ચૂંટણીમાં આવું બન્યું નહોતું, કારણ કે ત્યારે કોઈએ વિરોધ કર્યો નહોતો અને બિલને સર્વસંમતિથી પસાર કરી દેવામાં આવ્યું હતું. તે સમયે બધા એકસાથે હતા.

તેમણે કહ્યું કે, હું કહું છું કે જો આપણે સાથે મળીને ચાલીએ, તો ઈતિહાસ સાક્ષી છે કે આ ફક્ત એક વ્યક્તિની તરફેણમાં નહીં, પરંતુ દેશના લોકશાહીની તરફેણમાં આવશે. આપણે બધા તેના હકદાર હોઈશું. તેથી જેમને આમાં રાજકારણની ગંધ આવે છે તેમણે પોતાના પર શું પરિણામ આવશે તેનો વિચાર કરવો જોઈએ. આથી કોઈએ આને રાજકીય રંગ આપવાની કોઈ જરૂર નથી. મહિલા અનામતના સંદર્ભમાં સીમાંકનના મુદ્દાને સંબોધતા પીએમ મોદીએ સ્પષ્ટતા કરી કે આ નિર્ણય લેવાની પ્રક્રિયા કોઈની સાથે ભેદભાવ કરશે નહીં, કે હાલના પ્રમાણસર પ્રતિનિધિત્વમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે, આપણે એ ભ્રમમાં ન રહેવું જોઈએ કે આપણે કંઈક આપી રહ્યા છીએ, પરંતુ તે તેમનો હક છે, જે વર્ષોથી અટવાયેલો હતો. હવે આ યોગ્ય સમયે છે, તેમને તેમનો હક આપવાનો. આપણે જાણીએ છીએ કે પહેલા આ મામલે કેવી ચાલાકીઓ થઈ. પરંતુ હવે કોઈની હિંમત નથી કે ૩૩ ટકા મહિલા અનામતનો વિરોધ કરી શકે. પીએમ મોદીએ કહ્યું કે, આપણે આ બાબતમાં પહેલાથી જ વિલંબ કરી દીધો છે - તેની પાછળના કારણો ગમે તે હોય, અથવા તેના માટે કોઈ પણ જવાબદાર હોય - અને આપણે આ વાસ્તવિકતા સ્વીકારવી જોઈએ. હું જાણું છું કે જ્યારે આ પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે તમામ રાજકીય પક્ષો સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો. ફક્ત એક પક્ષ સિવાય, અમે જે-જે પક્ષોને મળ્યા તેમાંથી કોઈએ પણ સૈદ્ધાંતિક વાંધો ઉઠાવ્યો ન હતો. પછી ભલે ગમે તે બન્યું હોય, હવે અત્યારે રાજકીય માર્ગ અપનાવવામાં આવી રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે મહિલાઓ કહે છે કે: "તમે અમને સફાઈ અને કચરા ઉપાડવા જેવા કામોમાં સામેલ કરો છો, પરંતુ હવે, અમને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ કરો - અને નિર્ણય લેવાની પ્રક્રિયા વિધાનસભાઓ અને લોકસભામાં થાય છે." તેથી, રાજકીય જીવનમાં પ્રગતિ કરવા માંગતા લોકોએ સ્વીકારવું જોઈએ કે, છેલ્લા ૨૫થી ૩૦ વર્ષોમાં મહિલાઓ પાયાના સ્તરે નેતાઓ તરીકે ઉભરી આવી છે. તેઓ ફક્ત તે સ્તરે જ નહીં પરંતુ અહીં પણ તમારા નિર્ણયોને પ્રભાવિત કરવા માટે તૈયાર છે. આજે જે લોકો આનો વિરોધ કરશે, તેમને લાંબા ગાળે ભારે કિંમત ચૂકવવી પડશે.

### પીએમ સ્ટાર્મરે કંપનીઓને આપી ચેતવણી

# યુકેમાં પણ બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લાગી શકે છે

## સરકારે સ્વીકાર્યું છે કે કેટલીક સોશિયલ મીડિયા કંપનીઓ પહેલાથી જ કેટલાક સુરક્ષા પગલાં લઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

બ્રિટનના પ્રધાનમંત્રી **Keir Starmer**એ સોશિયલ મીડિયા કંપનીઓને બાળકોની ઓનલાઈન સુરક્ષા મુદ્દે આગળ આવી જવાબદારી લેવા માટે કડક અપીલ કરી છે. ગુરુવારે **Mªa, Snapchat, Google, TikTko** અને **X** જેવી મોટી ટેક કંપનીઓના અધિકારીઓ સાથેની બેઠક પહેલાં **Keir Starmer**એ આ નિવેદન આપ્યું હતું. સોશિયલ મીડિયાના ઉપયોગથી હવે લોકોના મેન્ટલ હેલ્થ પર અસર પડી રહી છે. આથી દરેક દેશ સોશિયલ મીડિયાને કન્ટ્રોલ કરવાની કોશિશ કરી રહ્યા છે.

સરકારનું કહેવું છે કે બાળકો ઓનલાઈન જોખમજનક કન્ટેન્ટનો સામનો કરી રહ્યા છે. જોકે આ માટેની જવાબદારી સ્પષ્ટ રીતે કોઈ લઈ નથી રહ્યું. આ મુદ્દે હવે બ્રિટિશ સરકાર વધુ કડક પગલાં લેવાની તૈયારીમાં છે. ખાસ કરીને સોશિયલ મીડિયા એપ્સના બાળકોની ઊંઘ, તેમનું ફેમિલી જીવન અને અભ્યાસ પર પડતા પ્રભાવને નિયંત્રિત કરવા સરકાર હવે કેટલાક કડક પગલાં ઉઠાવી રહી છે. આ વિશે **Keir Starmer**એ કહ્યું હતું કે 'સોશિયલ મીડિયા હવે નક્કી કરી રહ્યું છે કે બાળકો પોતાની જાતને કેવી રીતે જુએ. તેમની ફ્રેન્ડશિપ અને તેમની આસપાસની દુનિયા બધું સોશિયલ મીડિયા જ નક્કી કરે છે. જો એમાં રિસ્ક હોય તો આપણે એને નજર અંદાજ નહીં કરી શકીએ. બાળકોને ઓનલાઈન સુરક્ષિત રાખવા માટે હું મારાથી બનતા તમામ પ્રયત્ન કરીશ. આજે સોશિયલ મીડિયા કંપનીઓ આગળ આવી પોતે જવાબદારી ઉઠાવે એ જરૂરી છે અને તેઓ એ કરે એની હું ખાતરી આપું છું.' સરકારે સ્વીકાર્યું છે કે કેટલીક સોશિયલ મીડિયા કંપનીઓ પહેલાથી જ કેટલાક સુરક્ષા પગલાં લઈ રહી છે. જેમ કે **YouTube** પર બાળકો માટે **autoplay** બંધ કરવું અને માતા-પિતાને સ્ક્રીન ટાઈમ પર વધુ નિયંત્રણ આપવું, જેમાં કર્ફ્યૂ જેવી સુવિધાઓ પણ સામેલ છે. તેમના દ્વારા હવે શોર્ટ્સને બંધ કરવાનું ફીચર પણ આપવામાં આવ્યું છે. જોકે **Keir Starmer** માને છે કે દરેક પ્લેટફોર્મ પર આવી સુવિધા નથી. તેમ જ આ પૂરતું પણ નથી અને વધુ કડક નિયમોની બનાવવાની જરૂર તેમણે દર્શાવી છે.

હાલમાં બ્રિટન સરકાર એક જાહેર સલાહ પ્રક્રિયા ચલાવી રહી છે, જે આગામી મહિના સુધી ચાલુ રહેશે. તેમાં બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લગાવવાની શક્યતા પર વિચારણા થઈ રહી છે, જેમાં ૧૬ વર્ષથી ઓછા વયના બાળકો માટે સંપૂર્ણ પ્રતિબંધ, કર્ફ્યૂ, એપ ઉપયોગ સમય મર્યાદા અને વ્યસનકારક ડિઝાઈન ફીચર્સ પર નિયંત્રણ જેવા પગલાં સામેલ છે. આ માટે દરેકની સલાહ લેવામાં આવી રહી છે કે શું કરવું જોઈએ અને શું કરી શકાય. ત્યાર બાદ લોકોની સલાહ પરથી ચોક્કસ નિયમ બનાવવામાં આવશે.

વિશ્વના અન્ય દેશો પણ આ દિશામાં આગળ વધી રહ્યા છે. **Australia** ગયા વર્ષે ૧૬ વર્ષથી ઓછા ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ દેશ બન્યો હતો, જ્યારે યુરોપના ઘણા દેશો પણ સમાન પગલાં પર વિચાર કરી રહ્યા છે. આ સમગ્ર મુદ્દો હવે વૈશ્વિક સ્તરે ગંભીર ચર્ચાનો વિષય બની ગયો છે, જ્યાં બાળકોની ડિજિટલ સુરક્ષા અને ટેકનોલોજી કંપનીઓની જવાબદારી વચ્ચે સંતુલન સાધવાનો પ્રયાસ ચાલી રહ્યો છે.

### બંગાળ ચૂંટણી પર સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ

# મતદાનના ૨ દિવસ પહેલાં નામ ઉમેરાશે તો પણ આપી શકાશે વોટ

## આ માટે સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાઓનો ઉપયોગ કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે જોરશોરથી પ્રચાર ચાલી રહ્યો છે. એવામાં **SIR**ની પ્રક્રિયામાં જે મતદારોના નામ કપાઈ ગયા છે તે અંગે સુપ્રીમ કોર્ટે મોટો આદેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ ટ્રિબ્યુનલ મતદાનના માત્ર બે દિવસ પહેલાં પણ મતદારનું નામ યાદીમાં જોડવાનો આદેશ આપે, તો તે વ્યક્તિને વોટ આપવાનો અધિકાર મળશે. આ માટે સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાઓનો ઉપયોગ કર્યો છે.



નોંધનીય છે કે બંગાળમાં **SIR**માં લાખો મતદારોના નામ કપાઈ ગયા છે, જે બાદ તે લોકોએ મતદાન યાદીમાં નામ ફરીથી જોડવા માટે ચૂંટણી પંચના ટ્રિબ્યુનલમાં અરજી છે. અરજદારોનું કહેવું છે કે ટ્રિબ્યુનલ નિર્ણય લેવામાં વિલંબ કરશે તો તેઓ વિધાનસભા ચૂંટણીમાં મત આપી શકશે. નોંધનીય છે કે ચૂંટણી પંચમાં આવી ૩૪ લાખ અરજીઓ પેન્ડિંગ છે, જેમના નામ મતદાર યાદીમાંથી કપાઈ ગયું છે પણ તેઓ ભારતના નાગરિક હોવાનો દાવો કરી રહ્યા છે. જો ટ્રિબ્યુનલ નામ જોડવા કે હટાવવાનો અંતિમ નિર્ણય મતદાનના બે દિવસ પહેલાં આપી દે, તો ચૂંટણી પંચે તેનો અમલ કરવો પડશે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નિર્દેશ આપ્યો છે કે પ્રથમ તબક્કાના મતદાન માટે ૨૧ એપ્રિલ સુધીમાં અને બીજા તબક્કા માટે ૨૭ એપ્રિલ સુધીમાં સપ્લીમેન્ટરી મતદાર યાદી જાહેર કરવી પડશે. કોર્ટે સ્પષ્ટતા કરી છે કે જો કોઈની અપીલ ટ્રિબ્યુનલમાં માત્ર પેન્ડિંગ હોય, તો તેને વોટ આપવા દેવામાં આવશે નહીં. વોટિંગ માટે ટ્રિબ્યુનલનો ફાઈનલ ઓર્ડર હોવો જરૂરી છે.પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૩ એપ્રિલના રોજ અને બીજા તબક્કાનું મતદાન ૨૯ એપ્રિલના રોજ યોજાવાનું છે.

# આંધ્ર પ્રદેશમાં વહેલી સવારે ભીષણ અકસ્માત: તીર્થયાત્રાએ જતાં ૮ શ્રદ્ધાળુના કરૂણ મોત

## આ દુર્ઘટનામાં અન્ય ૧૦ થી ૧૨ લોકો ઘાયલ થયા છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહાયની જાહેરાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરાવતી

દક્ષિણ ભારતના રાજ્ય આંધ્ર પ્રદેશમાં ગુરુવારે વહેલી સવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો છે. કુર્નૂલ જિલ્લાના ચિલકલાડોના પાસે એક બોલેરો ગાડી અને ટ્રક (લોરી) વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં ૮ લોકોના મોત થયા છે. મૃતકોમાં કર્ણાટકના ચિક્કામગલુરુ વિસ્તારના શ્રદ્ધાળુઓ હોવાનું જાણવા મળ્યું છે.મળતી માહિતી મુજબ, આ શ્રદ્ધાળુઓ તીર્થયાત્રા માટે નીકળ્યા હતા. અકસ્માત એટલો ભીષણ હતો કે ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ૩ લોકોએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ દુર્ઘટનામાં અન્ય ૧૦ થી ૧૨ લોકો ઘાયલ થયા છે, જેમને સારવાર માટે એમ્મિગનૂર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.આ દુર્ઘટના પર શોક વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ **X** પર લખ્યું, "આંધ્રપ્રદેશના કુર્નૂલ જિલ્લામાં થયેલો અકસ્માત અત્યંત દુઃખદ છે. જે લોકોએ પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે હું સંવેદના વ્યક્ત કરું છું." વડાપ્રધાને **PMNRF** તરફથી પ્રત્યેક મૃતકના પરિવારને રૂ.૨ લાખ અને ઘાયલોને રૂ.૫૦,૦૦૦ની સહાય આપવાની જાહેરાત કરી છે. કુર્નૂલ પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માતની જાણ થતા જ રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ તપાસ કરી રહી છે. પ્રાથમિક દ્રષ્ટિએ બોલેરો અને ટ્રક વચ્ચેની સીધી ટક્કર જવાબદાર હોવાનું મનાય છે.

# Akasa અને SpiceJetના વિમાનો વચ્ચે થયેલી ટક્કર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ગુરૂવારે એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. સ્પાઈસજેટનું **B737-700** વિમાન એરપોર્ટ પર ટેક્સીઈંગ કરી રહ્યું હતું ત્યારે તે અકાસા એરના ઉભેલા વિમાન સાથે અથડાયું હતું. આ ટક્કરમાં સ્પાઈસજેટના વિમાનની જમણી તરફથનું વિંગલેટ ક્ષતિગ્રસ્ત થઈ ગયું છે. સાથે અકાસા એરના વિમાનની ડાબી તરફથનું હોરિઝોન્ટલ સ્ટેબલાઈઝર પણ ડેમેજ થઈ ગયું. આ દુર્ઘટના બાદ સ્પાઈસજેટના વિમાનને



દિલ્હી એરપોર્ટ પર ગ્રાઉન્ડ કરી દેવામાં આવ્યું છે.બીજી એરલાઈનનું ડેમેજ થયેલું વિમાન પણ ઓપરેશનથી બહાર છે. અકાસા એરના પ્રવક્તાએ કહ્યું- અકાસા એરનું વિમાન જે દિલ્હીથી હૈદરાબાદ માટે ઉડાન **QP 1406** સંચાલિત કરી રહ્યું હતું, તેણે ૧૬ એપ્રિલ ૨૦૨૬ના બે **(bay)** પરત ફરવું પડ્યું. શરૂઆતી જાણકારી પ્રમાણે અકાસાનું વિમાન સ્થિર ઉભેલું હતું, ત્યારે બીજી એરલાઈનનું વિમાન તેની સાથે ટકરાયું હતું. બધા યાત્રિકો અને ક્રૂ સભ્યોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા છે. અમારી ગ્રાઉન્ડ ટીમો યાત્રિકોને જલ્દી હૈદરાબાદ પહોંચાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી રહી છે.

સ્પાઈસજેટના પ્રવક્તાએ કહ્યું- ૧૬ એપ્રિલે દિલ્હી એરપોર્ટ પર ટેક્સી કરવા સમયે સ્પાઈસજેટનું એક **B737-700** વિમાન દુર્ઘટનાનું શિકાર થઈ ગયું, જેના કારણે તેના જમણા વિંગલેટ અને બીજી એરલાઈનના વિમાનને પણ નુકસાન પહોંચાડ્યું છે. સ્પાઈસજેટે વિમાનને દિલ્હીમાં રોકી દીધું છે.

આ ઘટના બાદ બંને વિમાનોને ઠીક કરવા અને તપાસ કરવા માટે લઈ જવાની તૈયારી છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ ઘટના ત્યારે બની જ્યારે લેહથી આવેલું સ્પાઈસજેટનું વિમાન ગેટ તરફ આગળ વધી રહ્યું હતું અને અકાસા એરનું વિમાન હૈદરાબાદ માટે પાછળ હટી રહ્યું હતું.




# તંત્રી લેખ......

## ભારતને મોટો ઝટકોઃ રશિયા-ઈરાન પાસેથી સસ્તું ઓઈલ ખરીદવાની છૂટ અમેરિકાએ સમાપ્ત કરી

રશિયા અને ઈરાન પાસેથી ઓઈલની આયાત બંધ થવાથી હવે ભારતની નિર્ભરતા ખાડીના અન્ય દેશો અથવા અમેરિકાના સ્થાનિક બજાર પર વધશે, જે ભારતને મોંઘું પડી શકે છે. પુરવઠો ઘટવાથી દેશમાં પેટ્રોલ-ડીઝલ અને રાંધણ ગેસના ભાવમાં ઉછાળો આવવાની પૂરેપૂરી શક્યતા છે.અમેરિકા-ઈરાન યુદ્ધ દરમિયાન ઉભી થયેલી ઓઈલની કમીને પહોંચી વળવા અમેરિકાએ રશિયન ઓઈલની ખરીદી પર જે છૂટછાટ આપી હતી તેની મર્યાદા ૧૧ એપ્રિલ ના રોજ પૂર્ણ થઈ ગઈ છે. અમેરિકન ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે બુધવારે જાહેરાત કરી છે કે, રશિયન અને ઈરાની ઓઈલની ખરીદી માટે અપાયેલી પ્રતિબંધોની છૂટછાટની સમયમર્યાદા હવે લંબાવવામાં આવશે નહીં.ભારત આ છૂટછાટનો સૌથી મોટો લાભાર્થી રહ્યો છે. અહેવાલો અનુસાર, છૂટ મળ્યા બાદ ભારતે રશિયા પાસેથી લગભગ ૩ કરોડ બેરલ ઓઈલના ઓર્ડર આપ્યા હતા. રિલાયન્સ જેવી ભારતીય રિફાઈનરીઓએ અગાઉ પ્રતિબંધોને કારણે રશિયન સપ્લાયર્સથી અંતર જાળવ્યું હતું, પરંતુ છૂટ બાદ ફરીથી ખરીદી શરૂ કરી હતી. રશિયા માટેની છૂટ ૧૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સમાપ્ત થઈ છે, જ્યારે ઈરાન માટેની આ છૂટ ૧૯ એપ્રિલ ના રોજ સમાપ્ત થવા જઈ રહી છે.અત્યાર સુધી ટ્રમ્પ વહીવટીતંત્રે વૈશ્વિક ઓઈલ બજારને સ્થિર કરવા માટે હંગામી નીતિ અપનાવી હતી. જોકે, અમેરિકામાં વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટી દ્વારા આ છૂટછાટની આકરી ટીકા કરવામાં આવી રહી હતી. વિપક્ષી નેતાઓનો આરોપ હતો કે આ છૂટછાટથી મળેલા પૈસાનો ઉપયોગ રશિયા યુક્રેન સામેના યુદ્ધમાં કરી રહ્યું છે. હવે ટ્રેઝરી સેક્રેટરીએ સ્પષ્ટ કર્યું છે કે કોઈ નવું લાયસન્સ આપવામાં આવશે નહીં.રશિયા અને ઈરાન જેવા સસ્તા સ્ત્રોતો બંધ થતા ભારત માટે મુશ્કેલ સ્થિતિ સર્જી શકે છે. ભારત હવે રશિયા સાથે વેપાર ચાલુ રાખવા માટે રૂપિયા-રૂબલ પેમેન્ટ ગેટવે જેવા વૈકલ્પિક રસ્તાઓ પર ગંભીરતાથી વિચાર કરી શકે છે, જે અમેરિકન પ્રતિબંધોની મર્યાદામાં ન આવતા હોય.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.૪૭૨ અને ચાંદીનો વાયદો રૂ.૯૭૯ વધ્યોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬૦ની નરમાઈ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૭૦૭.૮૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૬૬૩૫૯.૬૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૮૯૯.૨૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૩૦૨ પોઈન્ટના સ્તરે


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૮૬૦૬૭.૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૯૭૦૭.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૬૬૩૫૯.૬૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૭૩૦૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૪૬૦.૪૯ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૮૯૯.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૬૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૯૯૦ અને નીચામાં રૂ.૧૫૪૧૨૯ના મથાળે અથડાઈ, રૂ.૧૫૩૯૪૮ના આગલા બંધ સામે રૂ.૪૭૨ વધી રૂ.૧૫૪૪૨૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૮૭ વધી રૂ.૧૨૩૧૧૧ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૭ વધી રૂ.૧૫૪૨૮ થયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮૧ વધી રૂ.૧૫૩૦૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૫૫૮ અને નીચામાં રૂ.૧૫૨૯૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૭૨૯ના આગલા બંધ સામે રૂ.૪૮૯ વધી રૂ.૧૫૩૨૧૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૫૫૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૫૭૩૫ અને નીચામાં રૂ.૨૫૧૮૩૨ના મથાળે અથડાઈ, રૂ.૨૫૧૭૪૨ના આગલા બંધ સામે રૂ.૯૭૯ વધી રૂ.૨૫૨૭૨૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૩૧૨ વધી રૂ.૨૫૩૯૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૩૮૮ વધી રૂ.૨૫૩૯૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૫૯૨.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો ૮૦ પૈસા વધી રૂ.૧૨૭૩.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૩.૨૫ વધી રૂ.૩૪૧.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૪.૭ વધી રૂ.૩૭૪.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૯૦ પૈસા વધી રૂ.૧૯૫.૭ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૧૭૬.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૦૮૦ અને નીચામાં રૂ.૪૯૩૨ના મથાળે અથડાઈ, રૂ.૧૧૬ વધી રૂ.૫૦૪૪ થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૮૫૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૬૮૫ અને નીચામાં રૂ.૮૫૩૬ના સ્તરને સ્પર્શી, રૂ.૮૬૦૮ના આગલા બંધ સામે રૂ.૬૦ ઘટી રૂ.૮૫૪૮ થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૫૯ ઘટી રૂ.૮૫૪૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ ૧૦ પૈસા વધી રૂ.૨૪૪.૭ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૨૪૪.૬ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૯૮૪.૧ના ભાવે ખૂલી, ૨૦ પૈસા વધી રૂ.૯૮૫.૧ના સ્તરે પહોંચ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૧૫૦ વધી રૂ.૨૮૨૫૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૮૭૦ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૮૩૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૦૦૯.૮૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૮૮૯.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૫૨૪.૮૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૯૬.૮૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬.૬૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩૦.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૭.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧૨૯.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૧૮.૮૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૪૫ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૧.૦૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૦૧૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૪૮૯૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૫૨૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૬૦૨૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૦૪૪૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૪૪૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૧૧૭૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૪૦૦૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૫૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૧૨૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૦૬૩૩ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૭૩૦૬ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૩૦૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૩૦૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૭૦ પોઈન્ટ વધી ૩૭૩૦૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯૯.૪ ઘટી રૂ.૬૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા ઘટી રૂ.૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૯.૫ ઘટી રૂ.૧૦૫૩ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬૯.૫ ઘટી રૂ.૨૪૧ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૮ ઘટી રૂ.૬.૧૪ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૩ વધી રૂ.૯ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૮૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯૯ ઘટી રૂ.૬૮.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૪૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા ઘટી રૂ.૭.૧૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨ ઘટી રૂ.૭૧૦.૫ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૬૮.૫ ઘટી રૂ.૩૭૪૨ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૭.૭ ઘટી રૂ.૭૪.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૫ પૈસા ઘટી રૂ.૪.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૩.૫ ઘટી રૂ.૫૩૭.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૯૩ ઘટી રૂ.૫૧૦ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૮ ઘટી રૂ.૪.૧ થયો હતો. જસત એપ્રિલ રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૭ પૈસા ઘટી રૂ.૫.૨૮ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૮૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૭.૮ ઘટી રૂ.૭૭.૨૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૫.૧૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૪ ઘટી રૂ.૧૪૮૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૩૧ ઘટી રૂ.૪૨૦૭.૫ના ભાવે બોલાયો હતો.

કહ્યું - તેમની પાસે માનસિક શાંતિ જ નથી....

# સમય રૈનાએ કોમેડિયન સુનીલ પાલને તતડાવ્યો

### ઈન્ડિયાઝ ગોટ લેટન્ટ વિવાદ દરમિયાન સિનિયર કોમેડિયન સુનીલ પાલ દ્વારા કરવામાં આવેલી આકરી ટીકા પર મૌન તોડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈના પોતાના સ્પેશિયલ શો સ્ટિલ અલાઈવના રિલીઝ બાદથી જ સતત ચર્ચામાં છે. તાજેતરમાં જ તેણે ઈન્ડિયાઝ ગોટ લેટન્ટ વિવાદ દરમિયાન સિનિયર કોમેડિયન સુનીલ પાલ દ્વારા કરવામાં આવેલી આકરી ટીકા પર મૌન તોડ્યું છે. તેણે કહ્યું કે, સુનીલ પાલ એક હતાશ વ્યક્તિ છે, તેમની પાસે માનસિક શાંતિ નથી અને મને સુનીલ પાલ માટે ખરાબ લાગે છે. વૈભવ મુંજાલ દ્વારા હોસ્ટ કરવામાં આવેલા પોડકાસ્ટ ધ લોંગેસ્ટ ઈન્ટરવ્યુમાં વાત કરતા સમય રૈનાને સુનીલ પાલની એક તસવીર બતાવવામાં આવી હતી અને તેને તેના વિચાર પૂછવામાં આવ્યા હતા.

સમયે કહ્યું કે, હું તેમના વિશે નથી વિચારતો. મેં મારા જીવનમાં ખૂબ જ પહેલા એક વાત શીખી લીધી હતી કે જો કોઈ વ્યક્તિ અન્ય કોઈના વિશે ખરાબ બોલી રહી છે, તો તેનો અર્થ એ છે કે તે પોતે જ કોઈ મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી છે. મને ખરાબ નથી લાગતું, પરંતુ એ તો સારું છે કે તેઓ મારા વિશે વાત કરી રહ્યા છે.

આ યુવા સ્ટેન્ડ-અપ કોમેડિયને આગળ કહ્યું કે, તે મારા વિશે સારું બોલે છે કે ખરાબ, તેનાથી કોઈ ફરક પડતો નથી. અંતે તો તે મારા વિશે જ વાત કરી રહ્યો છે. મને ખરેખર તેના માટે ખરાબ લાગે છે.

સમયે વધુમાં કહ્યું કે, કોઈને કોઈ વાત તેને પરેશાન કરી રહી છે, કોઈ પ્રકારની અસુરક્ષા છે. તેમની પાસે માનસિક શાંતિ નથી. મને આશા છે કે તેમને શાંતિ મળશે. જે માણસ પોતે શાંત હોય છે, તેને ક્યારેય બીજાની માનસિક શાંતિ ભંગ કરવામાં મજા નથી આવતી.

સમય માત્ર સુનીલ પાલ પર જ નહીં અટક્યો. તેણે એ તમામ લોકો પર પણ કટાક્ષ કર્યો અને સણસણતો જવાબ આપ્યો જેમણે આ વિવાદ દરમિયાન તેની વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. તેણે કહ્યું કે ઈન્ડિયાઝ ગોટ લેટન્ટ વિવાદ દરમિયાન જે લોકોએ પણ અમારી વિરુદ્ધ જોરદાર હુમલો કર્યો હતો, તે તમામ પોતાની જિંદગીમાં હતાશ છે. શું કપિલ શર્માએ અમારી વિરુદ્ધ કંઈ કહ્યું? અથવા કોઈ સારા એક્ટરે કંઈ કહ્યું? ઘણા લોકો સામે આવીને અમારી વિરુદ્ધ બોલી શક્યા હોત, પરંતુ જે કોઈની પાસે પણ માનસિક શાંતિ હતી, તેણે એવું કંઈ જ ન કર્યું. માત્ર એવા જ હતાશ લોકો અમારી પાછળ પડ્યા જેમણે આવું કરવાનો નિર્ણય કર્યો હતો.

# જો કોઈ વોટ નથી કરતું, તો આપણે તેને મજબૂર કરી શકતા નથીઃ સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં ચૂંટણી દરમિયાન મતદાન કરવું એ દરેક નાગરિકની નૈતિક જવાબદારી માનવામાં આવે છે, પરંતુ શું વોટ ન આપવો એ ગુનો છે? આ પ્રશ્ન પર સુપ્રીમ કોર્ટે અત્યંત મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. સુપ્રીમ કોર્ટે તે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે જેમાં મતદાન ન કરનારા લોકો વિરુદ્ધ કાર્યવાહી અથવા પ્રતિબંધો લગાવવાની માંગ કરવામાં આવી હતી.

ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે આ મામલે સુનાવણી કરતા જણાવ્યું હતું કે, મતદાન કરવું એ મજબૂરી નથી. ભારત એક લોકશાહી દેશ છે જ્યાં છેલ્લા ૭૫ વર્ષોથી લોકોના વિવેક અને વિશ્વાસ પર ભરોસો મૂકવામાં આવ્યો છે. કોર્ટે ઉમેર્યું કે, "જો કોઈ વોટ નથી કરતું, તો આપણે તેને મજબૂર કરી શકતા નથી. શું આપણે એવા લોકોની ધરપકડનો આદેશ આપવો જોઈએ? આ કાયદાના શાસન અને લોકશાહીની વિરુદ્ધ હશે." અરજદાર અજય ગોયલના વકીલે એવી દલીલ કરી હતી કે જે લોકો મતદાન નથી કરતા, તેમને મળતી સરકારી સુવિધાઓનો લાભ બંધ કરી દેવો જોઈએ. આ સૂચન પર ચીફ જસ્ટિસ સૂર્યકાંતે હળવા અંદાજમાં વળતો જવાબ આપ્યો કે, "આ કામ તમે અમારી તરફથી કરી લો." કોર્ટે સ્પષ્ટ કર્યું કે વોટ ન આપવા પર દંડાત્મક જોગવાઈઓ લાગુ કરવી એ નીતિગત બાબત છે, જે સરકાર અને ધારાસભાના અધિકારક્ષેત્રમાં આવે છે. ચીફ જસ્ટિસે એક માનવીય પાસાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જો કોઈ ગરીબ વ્યક્તિ એમ કહે કે તેણે તે દિવસે પોતાની રોજીરોટી કમાવવાની છે, તો તે વોટ આપવા કેવી રીતે જાય? આવી સ્થિતિમાં આપણે તેને શું જવાબ આપીશું? કોર્ટે આ મામલાને નીતિગત ગણાવીને અરજદારને સંબંધિત સત્તાધિકારી પાસે જવા માટેની છૂટ આપી છે.

પાકિસ્તાનમાં ભારતના વધુ એક દુશ્મન પર હુમલો

# આતંકવાદી આમિર હમઝાને અજાણ્યા હુમલાખોરે મારી ગોળી

### આમિરને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો : હાલમાં તેની હાલત ગંભીર હોવાનું કહેવામાં આવી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

પાકિસ્તાનથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. પાકિસ્તાનમાં લશ્કર-એ-તૈયબાના સ્થાપક સભ્ય અને આતંકવાદી હાફિઝ સઈદના રાઈટ હેન્ડ ગણાતા આમિર હમઝા પર પાકિસ્તાનમાં જીવલેણ હુમલો થયો છે. આમિરને લાહોરમાં અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારી છે. જે બાદ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હાલમાં તેની હાલત ગંભીર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેઝરી દ્વારા હમઝાને આતંકવાદી જાહેર કરવામાં આવ્યો છે.

મીડિયા રિપોર્ટ્સ દ્વારા મળતી માહિતી અનુસાર, આમિર હમઝા પર અજાણ્યા હુમલાખોરોએ લાહોરમાં એક ન્યૂઝ ચેનલની ઓફિસની બહાર ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં આમિરને કથિત રીતે અનેક ગોળીઓ લાગી છે. હુમલા બાદ તેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આમિરની સ્થિતિ અંગે હોસ્પિટલ તરફથી હજુ કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

આમિર હમઝાની ગણતરી અફઘાન મુજાહિદીનના અનુભવી કમાન્ડરોમાં થાય છે. તેને હાફિઝ સઈદનો રાઈટ હેન્ડ માનવામાં આવે છે. લશ્કરમાં આમિર હમઝાનું કામ ફંડ એકત્ર કરવાનું, નવી ભરતી કરવાનું અને અન્ય પક્ષો સાથે ડીલ કરવાનું હતું. પાકિસ્તાનમાં દાવો કરવામાં આવે છે કે તે વર્ષોથી લશ્કર-એ-તૈયબામાં સક્રિય નથી. વર્ષ ૨૦૧૮માં લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા જમાત-ઉદ-દાવા અને ફલાહ-એ-ઈન્સાનિયત ફાઉન્ડેશનમાં આર્થિક ગેરરીતિઓના આરોપો પછી હમઝાની લશ્કર સાથે દૂરી વધી હતી. ત્યારબાદ હમઝાએ 'જૈશ-એ-મનકફા' નામનું એક અલગ ગ્રુપ બનાવ્યું હતું. જોકે, એવું માનવામાં આવે છે કે હાફિઝ સઈદ સાથે તેનો સંપર્ક સતત જળવાઈ રહ્યો હતો. હાફિઝ સઈદ ભારત માટે મોસ્ટ વોન્ટેડ આતંકવાદી છે. લશ્કર-એ-તૈયબા પર ભારતમાં થયેલા આતંકી હુમલાઓમાં સામેલ હોવાનો આરોપ છે. આમિર હમઝાનો સંબંધ પણ અનેક આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે માનવામાં આવે છે, જેમાં ભારતમાં થયેલા અનેક હુમલાઓ પણ સામેલ છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


# ફાસ્ટ બોલર ખલીલ અહેમદ ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રૂતુરાજ ગાયકવાડની આગેવાની હેઠળની ચેન્નાઈ સુપર કિંગ્સને IPL 2026 વચ્ચે મોટો ઝટકો લાગ્યો છે. MS ધોનીની ઈજા પહેલાથી જ CSK માટે ચિંતાનું કારણ બની ગઈ છે, ચાહકો તેની વાપસીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હવે ચેન્નાઈ માટે વધુ ખરાબ સમાચાર આવી રહ્યા છે. અહેવાલો અનુસાર ફાસ્ટ બોલર ખલીલ અહેમદ ઈજાને કારણે આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. જોકે, ચેન્નાઈ સુપર કિંગ્સ કે IPL બંનેમાંથી કોઈએ હજુ સુધી આ અંગે સત્તાવાર જાહેરાત કરી નથી. ચેન્નાઈ સુપર કિંગ્સની આગામી મેચ ૧૮ એપ્રિલે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે છે. ચેન્નાઈ સુપર કિંગ્સના ફાસ્ટ બોલર ખલીલ અહેમદને ક્વાડ્રિસેપ્સ ઈજાને કારણે IPLમાંથી બહાર થયો છે. ખલીલ અહેમદ CSKની અત્યાર સુધી રમાયેલી તમામ પાંચ મેચમાં રમી ચૂક્યો હતો, તેને ૧૪ એપ્રિલે KKR સામેની મેચ દરમિયાન ઈજા થઈ હતી. ટુર્નામેન્ટના શરૂઆતના તબક્કા દરમિયાન તે CSK માટે શાનદાર પ્રદર્શન કરનાર ખેલાડીઓમાંનો એક હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ગ્રેડ ૨ ટીયર છે અને રિહેબિલિટેશનમાં ઓછામાં ઓછા ૧૦-૧૨ અઠવાડિયા લાગશે.મીડિયા અહેવાલ મુજબ, ચેન્નાઈ સુપર કિંગ્સનો પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની IPL 2026ની પહેલી મેચ ૨૩ એપ્રિલે મુંબઈ ઈન્ડિયન્સ સામે વાનખેડે સ્ટેડિયમ ખાતે રમી શકે છે. CSKના સૂત્રો અનુસાર, ૪૪ વર્ષીય ધોની જે પ્રી-સીઝન કેમ્પ દરમિયાન પગની ઈજાને કારણે બહાર છે, હવે સંપૂર્ણ ફિટનેસ મેળવવાની નજીક છે. CSKની આગામી મેચ ૧૮ એપ્રિલે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે છે. આનો અર્થ એ છે કે ધોની આ મેચ માટે પણ ઉપલબ્ધ રહેશે નહીં.CSKએ IPL 2026માં અત્યાર સુધીમાં ૫ મેચ રમી છે. તેને તેની પહેલી ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. જોકે, તેની છેલ્લી બે મેચ દિલ્હી કેપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ સામે તેમણે ઘરઆંગણે જીત મેળવી હતી. CSK માટે સારા સમાચાર એ છે કે ઓપનિંગ બેટ્સમેન સંજુ સેમસનના બેટથી રન આવવા લાગ્યા છે. હવે એવું લાગે છે કે ચેન્નાઈનું અભિયાન પાછું પાટા પર આવી રહ્યું છે. તેમ છતાં તેઓ હાલમાં IPL 2026 પોઈન્ટ ટેબલ પર ૮મા સ્થાને છે.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૧૬/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૦૦૭ | ૪૩૫.૦૦ | ૭૬૧.૦૦ |
| ૨ | એરંડા | ૯૦૦ | ૧,૨૫૪.૦૦ | ૧,૨૭૧.૦૦ |
| ૩ | ચણા | ૧૦૦ | ૧,૦૩૧.૦૦ | ૧,૧૩૬.૦૦ |
| ૪ | મકાઇ | ૧૦૮૦ | ૩૧૧.૦૦ | ૩૯૩.૦૦ |
| ૫ | ચણા (કાબુલી ) | 33 | ૧,૩૫૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૬ | મગફળી | ૦ | ૯૫૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૭ | ડાંગર | ૬૫ | ૪૩૫.૦૦ | ૪૯૦.૦૦ |
| ૮ | તમાકુ | ૩૪૩૧ | ૧,૨૫૦.૦૦ | ૧,૯૦૦.૦૦ |
| ૯ | તમાકુ (ગારીયુ) | ૧૫૮૦ | ૮૦૦.૦૦ | ૧,૨૦૦.૦૦ |
| ૧૦ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૮૦.૦૦ |


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### ખાડીયામાં ૨૫ હજાર મતદારના નામ ઓછા થતા ભાજપના ગઢમાં ગાબડુ પડશે ?

# અમદાવાદમાં જયાંથી ભાજપનો ઉદય થયો હતો એ ખાડીયામાં ભાજપનુ ખીલવવુ મુશ્કેલ છે




પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મહાનગરપાલિકાની ખાડીયા વોર્ડ ની ચુંટણી ભલે સ્થાનિક રહી હોય પણ તેમાં આંતરરાષ્ટ્રીય મુદ્દો પાકિસ્તાન આવ્યો, જેના મુળ કારણમાં એસઆઈઆર ની પ્રક્રિયા બાદ જાહેર થયેલ યાદી લાગી રહ્યુ છે. રાજયમાં એસઆઈઆર ની કામગીરી પૂર્ણ થયા તેમાં મતદારો કમી થવાથી કયાંક ભાજપને તો કયાંક કોંગ્રેસને ફાયદો થતો જોવા મળી રહ્યો છે.

એવી જ એક બેઠક અમદાવાદની ખાડીયા છે, જયાં અંદાજીત ૨૫ હજાર મતદારના નામ કમી થતા ભાજપના ગઢમાં ગાબડુ પડવાની શકયતા જોવાઈ રહી છે. ગુજરાતમાં ભાજપનો ઉદભવ ખાડીયાથી થયો હતો. હવે ખાડીયામાં જ મતદારોનુ પલાયન અને મતદારોમાં કમી થવાથી ભાજપ માટે મોટુ જોખમ ઉભુ થયુ છે. ખાડીયાનો જંગ કેવો રહેશે તે તરફ નજર કરીએ તો ૧૯૮૦ માં ભાજપની સ્થાપના થયાના ૬ વરસ પછી અમદાવાદ મહાનગરપાલિકાની ચુંટણી યોજાઈ હતી. એ સમયથી ખાડીયા વોર્ડ ભાજપનો ગઢ રહ્યો છે. જો કે હવે વર્ષ ૨૦૨૬ માં પરીસ્થિતિ બદલાતી જોવા મળી રહી છે. અમદાવાદનો ખાડીયા વિસ્તાર પોળનો વિસ્તાર છે. ઐતિહાસિક પોળો ધરાવતો વિસ્તાર કોમર્શીયલ બાંધકામને કારણે પોતાની ઓળખ ગુમાવી રહ્યો છે. વળી પરીવારો મોટા થવાને કારણે સ્થળાંતર અને સમસ્યાઓના કારણે આ વિસ્તારમાં મુળ અમદાવાદીઓ કે જેઓ ભાજપ સાથે જોડાયેલા હતા એમની સંખ્યા ઘટી છે.

વર્ષ ૨૦૨૧ માં યોજાયેલ છેલ્લી મનપાની ચુંટણીની સરખામણીએ ચાલુ વરસે અંદાજીત ૨૫ હજાર જેટલા મતદાતાઓ ઘટયા છે. જેની અસર ચુંટણી પરીણામો પર થવાની શકયતા છે, કોંગ્રેસનો દાવો છે કે ગત વખતે એઆઈએમઆઈએમ, આમ આદમી પાર્ટીના ઉમેદવારો ૧૧ હજાર જેટલા મત લઈ ગયા હતા. ત્યારે પણ કોંગ્રેસના ઉમેદવાર માત્ર ૧૫૦૦ થી ૨ હજાર મતોથી હાર્યા હતા. જયારે આ વખતે સ્થિતિ કોંગ્રેસ તરફી બની છે. છેલ્લી યોજાયેલ મનપામાં ચુંટણીમાં ખાડીયા વોર્ડ માં ૯૭,૭૭૬ મતદાતાઓ હતા, જે આ વખતની ચુંટણીમાં ઘટીને ૭૨,૩૧૭ મતદાતાઓ રહી ગયા છે. ખાડીયા વોર્ડ ના ૮૩ બુથ પૈકી લઘુમતિ વિસ્તારના ૧૭, બહુમતી વિસ્તારના ૩૦ જયારે મિકસ કહી શકાય એવા ૩૫ બુથ છે. કોંગ્રેસે પસંદ કરેલા ઉમેદવાર મુજબ અને તેમની ધારણા પ્રમાણે બહુમતી વિસ્તારમાં ઓછુ મતદાન થાય તો ભાજપના ગઢમાં ગાબડુ પડવાની શકયતા રહેલી છે. જેમાં પડતર પ્રશ્નોના કારણે નાગરીકોની નારાજગી ભાજપ માટે મોટો સવાલ બની શકે છે.

જો કે ભાજપનો દાવો છે કે તેમને પૂર્વ આયોજન કરી બંધ મીલોની જગ્યા પર ઈડબલ્યુએસ આવાસ બનાવી લોકોને વિસ્તારમાં સામાવ્યા છે. જે સરકારી સહાયવાળા હોવાથી તેનો લાભ ભાજપને મળશે તેવી આશા ભાજપના નેતા અને પૂર્વ કોર્પોરેટર મયુર દવેએ વ્યકત કરી હતી.

ભાજપના ગઢ માં એસઆઈઆર થી કોંગ્રેસને ફાયદો થયો હોવાનુ અનુમાન છે. આ સાથે કોંગ્રેસના નેતા જગત શુકલાએ જણાવ્યુ હતુ કે તેઓ ભાજપને લોકસભામાં અયોધ્યાની હાર જેવો ઝટકો આપશે તો ભાજપ અસ્વાસ્થ્ય છે કે જયાં પક્ષના મુળીયા નંખાયા છે એ ખાડીયા માટે પાર્ટીએ અગાઉથી જ આયોજન કરી મતો કમી થવાથી થનાર નુકશાનનુ આયોજન કરી લીધુ છે. જો કે હવે ખાડીયા કોનો ગઢ રહેશે એ ચુંટણીના પરીણામો નકકી કરશે.

## ગોપાલ ઈટાલીયાનો સ્થાનિક સ્વરાજયની ચુંટણી મામલે બાટલો ફાટયો : ઈટાલીયાએ કહ્યું ભાજપે સત્તાનો જે વિકૃત ખેલ ખેલ્યો એ લોકશાહી માટે ઘાતક



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈને રાજકીય વાતાવરણ ગરમાયુ છે. ગોપાલ ઈટાલીયા જે આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા છે તેમણે તાજેતરમાં ગંભીર આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે ૧૫ એપ્રિલનો દિવસ ગુજરાતની લોકશાહી ઈતિહાસ માટે અત્યંત ચિંતાજનક રહ્યો, તેમના જણાવ્યા મુજબ ભારતીય જનતા પાર્ટી દ્વારા સત્તાનો દુરુપયોગ કરીને વિરોધ પક્ષના ઉમેદવારોને ચુંટણીમાંથી દુર રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

ઈટાલીયાના આક્ષેપ મુજબ અનેક વિસ્તારોમાં ઉમેદવારોને ધાક ધમકીઓ આપવામાં આવી, દબાણ કરવામાં આવ્યુ અને કેટલાક કિસ્સાઓમાં અપહરણ જેવી ઘટનાઓ પણ બહાર આવી, તેમણે દાવો કર્યો કે પોલીસ તંત્રનો પણ ઉપયોગ કરીને વિરોધપક્ષ અને અપક્ષ ઉમેદવારોના ફોર્મ પાછા ખેંચાવવા પ્રયત્ન થયો, આ સ્થિતિને તેમણે ગુજરાતની પરંપરાથી વિરૂધ્ધ ગણાવી, કારણ કે રાજયમાં અગાઉ આવી પ્રકારની ગુંડાગીરી જોવા મળતી ન હતી, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે આશરે ૭૦૦ થી વધુ બેઠકો પર બિનહરીફ જીત મેળવવા માટે આ પ્રકારના પગલા લેવામાં આવ્યા, જે લોકશાહી માટે ખતરનાક છે. ઈટાલીયાના કહેવા પ્રમાણે ચુંટણીમાં હાર જીત સ્વભાવિક બાબત છે, પરંતુ ઉમેદવારોને ફોર્મ જ ન ભરવા દેવુ અથવા દબાણથી પાછુ ખેંચાવવુ એ મતદારોના અધિકાર પર સીધો પ્રહાર છે. તેમણે આ મુદ્દાને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ અને બંધારણ સાથે પણ જોડયો, તેમના મત મુજબ દેશના સ્વતંત્ર્ય સેનાનીઓએ લાંબા સંઘર્ષ બાદ નાગરીકોને મતાધિકાર આપ્યો છે અને ડો.બાબા સાહેબ આંબેડકરે બંધારણ બનાવીને તેને સુનિશ્ચિત કર્યો, આવી પરીસ્થિતિમાં સત્તાનો દુરુપયોગ કરીને ચુંટણી પ્રક્રિયામાં અવરોધ ઉભો કરવો એ આ સંવિધાનિક અધિકારોનુ અપમાન છે. ઈટાલીયાએ ભાજપના કાર્યકર્તાઓને અપીલ કરી હતી કે તેઓ આવી પ્રવૃત્તિઓનો વિરોધ કરે અને પાર્ટીને સાચા માર્ગ પર લાવવા પ્રયત્ન કરે, તેમણે ચેતવણી આપી હતી કે આ જ જે પરીસ્થિતિ વિરોધ પક્ષ સાથે સર્જાઈ રહી છે તે ભવિષ્યમાં અન્ય પક્ષો અથવા સામાન્ય નાગરીકો સાથે પણ થઈ શકે છે. અંતમાં તેમણે પ્રજાને જાગૃત રહેવાની અપીલ કરતા કહ્યુ હતુ કે લોકશાહીમાં દરેક પક્ષને સમાન તક મળવી જોઈએ. જો આવી પ્રવૃત્તિઓને સમયસર રોકવામાં નહી આવે તો ભવિષ્યમાં ચુંટણીની પારદર્શિતા અને વિશ્વસનિયતા પર ગંભીર અસર પડી શકે છે.

## અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ચુંટણી માટે ભાજપે સંકલ્પપત્ર જાહેર કર્યુ




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ભારતીય જનતા પાર્ટીએ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન માટે પોતાનો ચુંટણી ઢંઢેરો બહાર પાડયો છે. ભાજપના પ્રભારી મંત્રી ઋષીકેશ પટેલે ચુંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. જેમાં ટ્રાફીક સોલ્યુશન, સ્ટ્રોમ વોટર, અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટનુ આગોતરૂ આયોજન કરવામાં આવ્યુ છે. જે આગામી પાંચ વરસમાં તબકકાવાર પૂર્ણ કરવામાં આવશે.

૨૮ મોડેલ ફાયર સ્ટેશન, ૧૪૦ મીટર સુધીની ઉંચાઈ સુધી કાર્યક્ષમતા ધરાવતી હાઈડ્રોલીક પ્લેટફોર્મ વીથ ફાયર ફાઈટીંગ સિસ્ટમ તેમજ ડ્રોન સિસ્ટમનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. સ્થાનિક સંસ્થાઓ વિકાસના મુળભુત એકમો છે અને વિકાસનો પાયો તેમના પર ટકેલો છે. અમદાવાદ ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મુકેલા વિકાસના પાયાને આગળ ધપાવી રહ્યુ છે અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ મ્યુનિસીપલ કોર્પોરેશનને સતત સમર્થન મળી રહ્યુ છે. મંત્રી ઋષીકેશ પટેલ, શહેર પ્રમુખ પ્રેરક શાહ અને કોર્પોરેશનના પૂર્વ અધિકારીઓએ આગામી પાંચ વર્ષમાં ભાજપ શું કરશે તેનુ વિઝન જાહેર કર્યુ હતું.

જેમાં (૧) શહેરમાં એઆઈ આધારીત ટ્રાફીક સિગ્નલ વિકસાવવાની યોજના (૨) ૧૦૦ લીફટ ટર્ન ખુલ્લા મુકવામાં આવશે (૩) શહેરને સ્લમ મુકત કરાશે, ૫૦ હજાર મકાનોનો લક્ષાંક (૪) ફાટકમુકત અમદાવાદ, ૨૦૩૦ સુધીમાં ૩ હજાર ઈલેકટ્રીક બસ (૫) ૧૭ નવા બ્રિજ, સુભાષબ્રિજને ૮ માર્ગીય બનાવવામાં આવશે (૬) દરેક વોર્ડ માં એક મેદાન અને બ્રિજ નીચે સ્પોટ્સ એકિટવિટી ઝોન (૭) પ્રદુષણને અટકાવવા માટે થઈને શહેરમાં ગ્રીન કવર (૮) પીરાણા ડમ્પિંગ સાઈટને દુર કરવામાં આવશે.

### ૩૫૦ અશ્લીલ વીડિયો બનાવી કર્યું બ્લેકમેલિંગ

# અમરાવતી યૌન કેસઃ ૧૯ વર્ષના શિકારીએ ૧૮૦ સગીરાને ફસાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરાવતી

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં ૧૯ વર્ષના 'અયાન અહેમદ' નામના યુવકે ૧૮૦ સગીર છોકરીઓને પ્રેમના જાળમાં ફસાવી, તેમનું શારીરિક શોષણ કર્યું, તેમના ૩૫૦ જેટલા વીડિયો બનાવ્યા અને પછી તેમને બ્લેકમેલ કરીને વેશ્યાવૃત્તિમાં ધકેલવાનો પ્રયાસ કર્યો. આખરે, બે મિત્રો વચ્ચેના નાણાકીય ઝઘડાએ એમનો પર્દાફાશ કરી નાખ્યો. મામલો પોલીસ સુધી પહોંચતાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

આ સમગ્ર કાંડનો પર્દાફાશ થવામાં દોસ્તો વચ્ચેની દુશ્મની કારણરૂપ બની. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર અયાન અહેમદ અને તેનો સાથી ઉઝેર ખાન હતા. શરૂઆતમાં બંનેએ વધુમાં વધુ છોકરીઓને પટાવવાની શરત લગાવી હતી. આ કામ કરતાં કરતાં તેમણે ૧૮૦ સગીરાઓને વાસનાનો શિકાર બનાવીને એમની મરજી વિરુદ્ધ વીડિયો બનાવ્યા.

બાદમાં પૈસાને કારણે બંને મિત્રો વચ્ચે ઝઘડો થયો. ઉઝેરે અયાન પાસે પૈસાની માંગ કરી, પરંતુ જ્યારે અયાન તે પૂરી ન કરી શક્યો, ત્યારે ગુસ્સામાં ઉઝેરે ૧૦૦ જેટલા અશ્લીલ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધા. આમ, બંને ગુનેગારો વચ્ચેના અણબનાવે એમની કાળી કરતૂતો ઉઘાડી પાડી દીધી.

અયાન મોટાભાગે કૉલેજમાં ભણતી અથવા કોચિંગ સેન્ટરમાં જતી છોકરીઓને નિશાન બનાવતો. તે ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને સ્નેપચેટ દ્વારા તેમની સાથે દોસ્તી કરતો. મિત્રતા થયા બાદ તે તેમને મોંઘા કાફેટેરિયા અને મોટા શહેરો જેમ કે મુંબઈ અને પૂણે ફરવા લઈ જતો. ત્યાં તે હોટલ રૂમમાં તેમની સાથે દુર્વ્યવહાર કરતો અને તેના વીડિયો રેકોર્ડ કરતો. વીડિયો બનાવ્યા બાદ તે આ ક્લિપ્સનો ઉપયોગ છોકરીઓને બ્લેકમેલ કરવા માટે કરતો. વીડિયો જાહેર કરી દેવાની ધમકી આપીને તે છોકરીઓને વેશ્યાવૃત્તિ માટે પણ દબાણ કરતો.

પોલીસે આરોપીનો મોબાઈલ તપાસ્યો ત્યારે જે આંકડા સામે આવ્યા તેણે સમગ્ર મહારાષ્ટ્ર પોલીસ વિભાગને હચમચાવી નાખ્યો.

પીડિત સગીર છોકરીઓની સંખ્યા (અંદાજે) - ૧૮૦. આરોપીએ ફક્ત એક જ વર્ષના ગાળામાં આટલી છોકરીઓને નિશાન બનાવી હોવાનું કહેવાયું છે.

જપ્ત કરાયેલા વીડિયોની સંખ્યા – ૩૫૦. તમામ વીડિયો આરોપી અયાનના મોબાઈલ ફોનમાંથી મળી આવ્યા છે.

વાયરલ કરાયેલા વીડિયોની સંખ્યા – ૧૦૦. ઉઝેરે આટલા વીડિયો સોશિયલ મીડિયા પર ફેલાવી દીધા હતા.

હાલમાં ઓળખાયેલ પીડિતોની સંખ્યા – ૮. પોલીસે અત્યાર સુધી માત્ર ૮ પીડિતાઓની જ ઓળખ કરી શકી છે, કારણ કે બાકીની સામાજિક તિરસ્કારથી ડરે છે.

આરોપી 'અયાન અહેમદ તનવીર' અમરાવતીના પાર્થવાડા વિસ્તારનો વતની છે. તે અચલપુરની એક કૉલેજમાં બીજા વર્ષમાં ભણતો હતો. તે ચકાચક બાઈક પર ફરતો અને ખૂબ પૈસા ખર્ચતો. તેના પિતા સેકન્ડ-હેન્ડ વાહનોનો વેપાર કરે છે, પરંતુ સ્થાનિકોના મતે આટલી મોટી રોકડ અયાનને સટ્ટાબાજી (બેટિંગ)માંથી મળતી હતી. આ કેસમાં સૌથી મોટો પડકાર એ છે કે પીડિત છોકરીઓ સામે આવીને નિવેદન નથી આપી રહી, કારણ કે તેમને સમાજમાં બદનામ થવાનો અને તિરસ્કારનો ડર છે. અમરાવતીના એસપી વિશાલ આનંદે જાહેર અપીલ કરી છે કે, 'અમે પીડિતા અને તેમના પરિવારની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખીશું. અમે મહિલા અધિકારીઓ દ્વારા વિશેષ હેલ્પલાઈન શરૂ કરી છે. તમારે ડરવાની જરૂર નથી, આગળ આવો અને ન્યાય અપાવવામાં મદદ કરો.'

### AMC કમિશનરનો કડક આદેશ

# પ્રદૂષણના નિયમોનું પાલન ન કરતાં બિલ્ડરની બાંધકામ મંજૂરી રદ કરો

### મ્યુ. કમિશનર બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓની સાપ્તાહિક રિવ્યૂ બેઠક મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં સતત વધતા જતા એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI)ને લઈ મ્યુનિસિપલ કમિશનર એક્શન મોડમાં જોવા મળ્યા હતા. શહેરની પ્રદૂષિત થતી જતી હવાને ધ્યાનમાં રાખીને તેમણે એસ્ટેટ વિભાગના અધિકારીઓને કડક તાકીદ કરતા કહ્યું કે, જે ડેવલપર્સ ગુડ કન્સ્ટ્રક્શન પ્રેક્ટિસનો અમલ કરતા ન હોય તેમની બાંધકામ અંગેની રજાચિઠ્ઠી રદ કરી દો.

મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓની સાપ્તાહિક (વીકલી) રિવ્યૂ બેઠક મળી હતી. બેઠકમાં શહેરના વિવિધ વોર્ડમાં ચાલતી અનેક બાંધકામ સાઈટો પર ડેવલપર્સ દ્વારા ગ્રીન નેટ લગાવવાથી લઈ અન્ય જરૂરી સુરક્ષાત્મક પગલાં યોગ્ય પ્રમાણમાં લેવાતા ન હોવાથી શહેરનો છઉૈ સતત ઊંચો જઈ રહ્યો હોવા અંગે તેમણે ટકોર કરી હતી.

દરમિયાન, અધિકારીઓએ પેનલ્ટી વસૂલવામાં આવતી હોવાનો જવાબ આપતા કમિશનરે કડક સૂચના આપી હતી કે, પેનલ્ટી વસૂલ્યા પછી પણ જો ડેવલપર નિયમોનું પાલન ન કરતા હોય, તો તેમને કોર્પોરેશન તરફથી આપવામાં આવેલી બાંધકામ અંગેની રજાચિઠ્ઠી રદ કરો. તમામ ઝોનમાં આ અંગે કડક અમલવારી કરવા આદેશ અપાયો છે, જેથી એર ક્વોલિટી ઈન્ડેક્સ નિયંત્રણમાં લાવી શકાય.

'મિશન મિલિયન ટ્રી' ઝુંબેશ અંતર્ગત ગાર્ડન વિભાગ દ્વારા નદી પારના એક પ્લોટમાં પ્લાન્ટેશન કર્યું હોવાનો અગાઉ દાવો કરાયો હતો, પરંતુ તે પ્લોટ પર કોર્પોરેશનનું અર્બન હેલ્થ સેન્ટર બનેલું હોવાનું સામે આવતા કમિશનરે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે અધિકારીઓને ચેતવણી આપી હતી કે, ખોટી કામગીરી બતાવવાની કોશિશ ન કરવી. આ ઉપરાંત, સીસીઆરએસ (CCRS) પર મળતી ફરિયાદોનો નિકાલ લાવ્યા વગર તેને ક્લોઝ કરનારા અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની પણ સૂચના આપી હતી. અમદાવાદમાં તાપમાન વધવાની સાથે વિવિધ વોર્ડમાં રખડતા કૂતરાઓની ફરિયાદોમાં પણ વધારો થયો છે. શહેરીજનોની સુરક્ષા અને જાણકારી માટે, જે રીતે ગરમી માટે હોટ સ્પોટ જાહેર કરવામાં આવે છે, તે જ તર્જ પર રખડતા કૂતરાઓ માટેના 'હોટ સ્પોટ' જાહેર કરવા અંગે બેઠકમાં ચર્ચા થઈ હતી. ટૂંક સમયમાં જ આ વિસ્તારોની યાદી જાહેર કરવામાં આવશે.

## "અખત્રીજ (અક્ષય તૃતીયા)" નિમિત્તે ૨૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પાલિતાણાથી બાન્દ્રા માટે સ્પેશિયલ ટ્રેન ચાલશે, ટિકિટ બુકિંગ ૧૭ એપ્રિલથી શરૂ થશે

યાત્રીઓની સુવિધા તેમજ "અખત્રીજ (અક્ષય તૃતીયા)"ના અવસર પર પાલિતાણા જૈન મંદિર ખાતે વધતી શ્રદ્ધાળુઓની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ ભાડે પાલિતાણા અને બાન્દ્રા ટર્મિનસ વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી મુજબ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન સંચાલન વિગતોઃ

બાન્દ્રા ટર્મિનસથી પાલિતાણા માટે ચાલનારી બાન્દ્રા–પાલિતાણા સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન (૦૯૦૨૩) તા. ૧૮ એપ્રિલ, ૨૦૨૬ (શનિવાર)ના રોજ બાન્દ્રા ટર્મિનસથી બપોરે ૧૪:૪૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે વહેલી સવારે ૦૫:૦૦ વાગ્યે પાલિતાણા પહોંચશે.

આ જ રીતે પરત ફરતી પાલિતાણા–બાન્દ્રા સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન (૦૯૦૨૪) તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૬ (સોમવાર)ના રોજ પાલિતાણાથી રાત્રે ૨૦:૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૧૧:૨૦ વાગ્યે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં સિંહોર (ગુજરાત), સોનગઢ, ધોળા, બોટાદ, અમદાવાદ, વડોદરા, અંકલેશ્વર, સુરત, વલસાડ, વાપી, પાલઘર અને બોરીવલી સ્ટેશનો પર ઠેરાવ કરશે.

યાત્રીઓની સુવિધા માટે ટ્રેનમાં સ્લીપર ક્લાસ તથા એસએલઆરડી કોચ ઉપલબ્ધ રહેશે.

બુકિંગ સંબંધિત માહિતી :

ટ્રેન નં. ૦૯૦૨૩ અને ૦૯૦૨૪ માટે બુકિંગ તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૬ (શુક્રવાર)થી તમામ યાત્રી આરક્ષણ કેન્દ્રો તેમજ આઈઆરસીટીસીની સત્તાવાર વેબસાઈટ પર શરૂ થશે. યાત્રીઓ ટ્રેનના સમયપત્રક, ઠેરાવ અને રચના અંગે વધુ માહિતી માટે ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈ માહિતી મેળવી શકે છે.

## જિલ્લા પંચાયતના ૬ નાયબ ચીટનીશે બઢતીનો કર્યો ઈન્કારઃ નથી જોઈતી બઢતી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ જિલ્લા પંચાયતમાં નાયબ ચીટનીશ તરીકે વર્ગ ૩ ના કર્મચારી તરીકે ફરજ બજાવતા બે ને તાલુકા વિકાસ અધિકારી તરીકે વર્ગ ૨ ના પ્રમોશન આપવામાં આવ્યા હતા. સમગ્ર રાજયમાં આ મુજબ ૬ નાયબ ચીટનીશને પ્રમોશન આપવામાં આવ્યા હતા. પરંતુ તેમણે તેનો સ્વીકાર ન કરતા સરકારે આકરી શરત સાથે તેમની માંગણીનો સ્વીકાર કર્યો છે.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આ સંદર્ભે રાજય ચુંટણી આયોગની સંમતિ લઈને કરવામાં આવેલા ઓર્ડર મુજબ રાજકોટ જિલ્લા પંચાયતના નાયબ ચીટનીશ રાકેશ ગોરધનભાઈ રાઠોડ ને તાલુકા વિકાસ અધિકારીનુ પ્રમોશન આપીને મોરબી જિલ્લાના માળીયા મીયાણામાં પોસ્ટીંગ અપાયુ હતું. જયારે અન્ય બીજા નાયબ ચીટનીશ મુકુંદભાઈ રાવલ ને જુનાગઢ જિલ્લાના વંથલી માં પોસ્ટીંગ અપાયુ હતું. આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા ભાવેશ રતીલાલ ભાડેલીયા ભાવનગર જિલ્લા પંચાયતના ગૌરાંગ જોશી, જામનગરના કેતન દામજીભાઈ નકુમ અને રાજેશ કિશોરભાઈ જોશીને પણ પ્રમોશન આપવામાં આવ્યુ હતું.

જામનગરના નકુમ અને જોશી ને અનુક્રમે પડધરી તથા ગોંડલમાં પ્રમોશન સાથે મુકવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લામાં લાઠી ખાતે સુરેન્દ્રનગરના ભાવેશ ભાડેલીયા અને ગૌરાંગ જોશીને ખાંભા ખાતે તાલુકા વિકાસ અધિકારી તરીકેની નિમણુંક આપવામાં આવી હતી. આ તમામે પ્રમોશનનો ઈન્કાર કરતા સરકારે તેમના પ્રમોશન અને ટ્રાન્સફરના હુકમો રદ કર્યા હતા અને સાથે સાથે જણાવ્યુ છે કે આવા કર્મચારીઓએ પ્રમોશન માટેનો પોતાનો હકક સ્વેચ્છાએ જતો કર્યો હોવાથી તેમને થનાર અથવા તો થયેલા આર્થિક નુકશાન પરત મેળવવા કે બઢતીના વર્ગ ૨ માં ભવિષ્યમાં મેરીટ લીસ્ટ અંગેનો કોઈ હકક કે દાવો કરી શકશે નહી, વર્ગ ૨ માં જો કોઈ ઉચ્ચત્તર પગારધોરણ મેળવેલ હોય તો તે પણ પરત કરવાનુ રહેશે. ભવિષ્યમાં ઉચ્ચત્તર પગારધોરણ મેળવવા માટે તેઓ હકકદાર રહેશે નહી, બઢતીનો ઈન્કાર કર્યાની તારીખથી એક વર્ષની મુદત માટે અથવા તો પછીથી ખાલી જગ્યા ઉભી થાય ત્યાં સુધી બેમાંથી જે મોડુ હશે ત્યાં સુધી આવા કર્મચારીઓના પ્રમોશન માટે વિચારણા કરવામાં નહી આવે.

### આ મામલે કુલ ૬ આરોપીઓની ધરપકડ

# ડ્રાય સ્ટેટ ગુજરાતમાં બનાસકાંઠા બાદ ભાવનગરમાં પકડાઈ નકલી દારૂની ફેક્ટરી

### મહુવાના હરિપરા રોડ ઉપર આવેલ ગુંદરણી ગામે ડિહાઈડ્રેશનના પ્લાન્ટની આડમાં ધમધમતી ડુપ્લીકેટ દારૂની ફેક્ટરી પકડાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

દારૂબંધીની વાતો વચ્ચે ગુજરાતભરમાં બુટલેગરો બેફામ બન્યા છે. ત્યારે ભાવનગર શહેર સહિત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ બૂટલેગરોને પોલીસની કાર્યવાહીનો જાણે કોઈ ડર રહ્યો ન હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ભાવનગરમાં ડિહાઈડ્રેશનના પ્લાન્ટની આડમાં ધમધમતી નકલી દારૂની ફેક્ટરીનો પર્દાફાશ થયો છે. પોલીસે બાતમીને આધારે આ કાર્યવાહી કરી જુદી જુદી બ્રાન્ડની નકલી દારૂની બોટલો સાથે લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આ મામલે કુલ ૬ આરોપીઓની ધરપકડ કરી છે અને સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વિગતે વાત કરીએ તો, ભાવનગર પોલીસની પેરોલ ફર્લો સ્કવોર્ડને બાતમી મળી હતી કે, મહુવાના હરિપરા રોડ ઉપર આવેલ ગુંદરણી ગામે ડિહાઈડ્રેશનના પ્લાન્ટની આડમાં ડુપ્લીકેટ દારૂ બનાવવાની ફેક્ટરી ધમધમી રહી છે. જેના આધારે પોલીસે ડિહાઈડ્રેશનના પ્લાન્ટમાં દરોડા પાડતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. કારણ કે દરોડા દરમિયાન ડિહાઈડ્રેશનના પ્લાન્ટમાં ડુપ્લીકેટ દારૂ બનાવતી આખે આખી ફેક્ટરી સેટ કરેલી મળી આવી હતી.

બાતમીને આધારે પોલીસે રેડ કરતા ફેક્ટરીમાં પાછળના ભાગે આવેલી એક રૂમમાં કેટલાક શખ્સોએ જુદી-જુદી બ્રાન્ડની બોટલોમાં ડુપ્લીકેટ દારૂ ભરતા રંગે હાથ પકડાયા હતા. જેઓની પૂછપરછ કરતા તેઓ આ ડિહાઈડ્રેશનના પ્લાન્ટની આડમાં નકલી દારૂ માટે આખેઆખી ફેક્ટરી ઊભી કરી, તેમાં નકલી દારૂ બનાવી તેનું જુદી-જુદી બ્રાન્ડની બોટલોમાં પેક કરી વેચાણ કરતા હોવાનું પોલીસની તપાસમાં ખુલવા પામ્યું છે.

વિગતે વાત કરીએ તો, ભાવનગર પોલીસની પેરોલ ફર્લો સ્કવોર્ડને બાતમી મળી હતી કે, મહુવાના હરિપરા રોડ ઉપર આવેલ ગુંદરણી ગામે ડિહાઈડ્રેશનના પ્લાન્ટની આડમાં ડુપ્લીકેટ દારૂ બનાવવાની ફેક્ટરી ધમધમી રહી છે. જેના આધારે પોલીસે ડિહાઈડ્રેશનના પ્લાન્ટમાં દરોડા પાડતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. કારણ કે દરોડા દરમિયાન ડિહાઈડ્રેશનના પ્લાન્ટમાં ડુપ્લીકેટ દારૂ બનાવતી આખેઆખી ફેક્ટરી સેટ કરેલી મળી આવી હતી.

નોંધનીય છે કે, તાજેતરમાં બનાસકાંઠામાં થરા પોલીસે માંડલા ગામે ખેતરમાં ધમધમતી નકલી દારૂ બનાવતી મીની ફેક્ટરી ઝડપી પાડી હતી. ચેલા અણદાભાઈ પટેલ નામના ખેડૂતના ખેતરમાં મીની ફેક્ટરી બનાવી કેટલાક શખ્સો બેરલમાં કેમિકલ મિક્સ કરીને દારૂ તૈયાર કરતા હતા. કેમિકલથી દારૂ તૈયાર કરી આ લોકો અલગ અલગ બ્રાન્ડના સ્ટીકર લગાવતા હતા. ત્યારે પોલીસની કાર્યવાહી દરમિયાન આ કૌભાંડનો મુખ્ય આરોપી જયેશ ઠાકોર ફરાર થઈ ગયો હતો. જે બાદ પોલીસે ફેક્ટરીમાંથી દારૂ બનાવવા વપરાતી મશીનરી સહિત રૂ. ૫ લાખનો મુદ્દામાલ કબજે લઈ આગળની કાર્યવાહી આરંભી છે, ત્યારે દારૂબંધી વાળા ગુજરાતમાં સતત બે દિવસે નકલી દારૂની ફેક્ટરીઓ ધમધમતી પકડાતા પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.


## પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા ટર્મિનસ ⇌ પાલિતાણા વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવાશે.

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | ચલાવવાના દિવસ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09023 | બાંદ્રા ટર્મિનસ - પાલિતાણા | 18.04.2026 | 14:40 કલાક (શનિવાર) | 05:00 કલાક (બીજા દિવસે) |
| 09024 | પાલિતાણા - બાંદ્રા ટર્મિનસ | 20.04.2026 | 20:00 કલાક (સોમવાર) | 11:20 કલાક (બીજા દિવસે) |
| હોલ્ટઃ બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, સુરત, અંકલેશ્વર, વડોદરા, અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર (ગુજરાત) સ્ટેશનો બંને દિશામાં. | | | | |
| રચનાઃ સ્લીપર ક્લાસ કોચ. | | | | |

સમય, સ્ટોપ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09023 અને 09024 માટે બુકિંગ તા. 17.04.2026 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન સ્પેશ્યલ ભાડા પર સ્પેશ્યલ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષિત ટિકીટો માટે જરરી ઓળખપત્ર સાથે રાખો.

# શું દેશની ચૂંટણીઓ હવે "સેવા" ને બદલે "મેવા" ખાવાનું માધ્યમ બની ગઈ છે?

### જેમના મોઢા પરથી માંખ નથી ઊડતી એવા નવા નિશાળીયા જ્યારે ચૂંટણી જીતી જાય છે ત્યાર પછી "મેવા" "મલાઈ" ખાવા પાછું વાળી ને જોતાં પણ નથી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

વિશ્વ જેમને વંદન કરી ધન્યતા અનુભવે છે એવા મહામાનવ મહાત્મા ગાંધી એ " સત્યના પ્રયોગો" નામનું પુસ્તક લખી ને " મેરા જીવન હી મેરા સંદેશ હૈ" એ સમગ્ર વિશ્વને બતાવી આપ્યું અને સિધ્ધ કરી બતાવ્યુ કે જાહેર જીવન માં પણ પ્રામાણિકતા જેવુ કંઈક છે ખરું? પરંતુ આજનો નેતા કોઈ પણ પાર્ટી ના કેમ ના હોય એ શું "અસત્ય ના પ્રયોગો" નામનું પુસ્તક લખી શકશે ખરો? સત્યની તો વાત જ નથી.

અને એવું જ કંઈક હાલમાં થનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં જોવા મળી રહ્યું છે. કારણકે ચૂંટણીઓ હવે સેવાનું સાધન નહીં પણ મેવા કમાવવાનું જાણે કે માધ્યમ બની ગયું હોય એમ દરેક રાજકીય પાર્ટીમાં અંડુ,ગંડુ એરા ગંડુ જેવા નવા નિશાળીયા કે જેમને મોઢા ઉપરથી માંખ ઉડાડવાની શક્તિ નથી પ્રજાના કામનો કોઈ કહેતા કોઈ અનુભવ તો ઠીક પ્રજાએ ક્યારેય આ નમૂનાઓને જોયા નથી અને ચૂંટણી જીત્યા પછી પણ આ નમૂના પ્રજાની વચ્ચે જોવા મળવાના નથી. એવા ઉમેદવારો ચુંટણીમાં જીત્યા પછી એક જ લક્ષ્ય રાખે છે કે રૂપિયા બનાવો અને પાંચ વર્ષ મળ્યા છે તો ૭ પેઢી ખાય એટલું ભેગું કરી લો. બસ આ એક જ સૂત્ર પૈસા બનાવો, પૈસા બનાવો, પૈસા બનાવો અને આ સૂત્રોનો અમલ દરેક રાજકીય પાર્ટીના જીતેલા ઉમેદવારો છેલ્લા ઘણા વર્ષોથી અમલ કરી ને માલામાલ થઈ ગયા છે. કારણકે કાલ કોણે દીઠી રે, કાલ કોણે દીઠી? એમ આવતી ચૂંટણીમાં ટિકિટ મળવાની નથી એ સારી રીતે સમજી ગયા હોઈ પ્રજા હિત ને નેવે મૂકી સ્વહિત ને જ પ્રાધાન્ય આપતા આવા નમૂનાઓને લાચાર પ્રજા કરી પણ શું શકે?

આવા નમૂનાઓ પાંચ વર્ષ સુધી કોર્પોરેટર, ધારાસભ્ય કે સાંસદ રહ્યા પછી એમની પાસે માલ-મિલકતો હોય છે એની જો પ્રામાણિકતાપૂર્વક તપાસ કરવામાં આવે તો કેટલાય રૂપિયાની F.D , કેટલાય રૂપિયા પરિવારના ખાતામાં બેંક બેલેન્સ, કેટલી દુકાનો, ફલેટ, જમીનના માલિકો બની બેઠેલા હોય છે. એટલું જ નહીં એમના ગામમાં પણ આલિશાન બંગલાઓ, ફાર્મહાઉસો અને જમીનોના માલિકો બની એશો આરામ કરતાં થઈ ગયા છે. કારણકે ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર એમનું મુખ્ય સૂત્ર હોય ત્યાં પ્રજા બિચારી કરે તો કરે શું? ફરિયાદ પણ કોને કરે? જ્યાં વાડ જ ચીભડા ગળતી હોય ત્યાં?

અત્રે ઉલ્લેખનિય છે કે જો ચૂંટાયેલાઓ એ સાચે જ પાંચ વર્ષ પ્રજાના પ્રશ્નોને વાચા આપી હોય? પ્રજાની વચ્ચે ગયા હોય? તો પછી પ્રજાને " અમારા વિસ્તારમાં કોઈપણ ઉમેદવારે મત ની ભીખ માંગવા આવવું નહીં." એવા બોર્ડ મારવાની જરૂર કેમ પડી?

કારણ સ્પષ્ટ છે કે ચૂંટાયેલા આ નમૂનાઓને પ્રજાએ કયારેય જોયા જ નથી હોતા તો પછી સેવા કરવાની વાત જ ક્યાં રહી? આવા નમૂનાઓ પ્રજાના વિરોધ વચ્ચે કેમ ચૂંટાય છે? એનું કારણ શામ, દામ, દંડ અને ભેદની રીત રસમો અપનાવી જ્યારે ચૂંટણીઓ જીતવાની હોય અને ખુલ્લે આમ લોકશાહીનું "ખૂન" થઈ રહ્યું હોય અને જ્યાં ડર અને ગભરાટથી પ્રજા જીવતી હોય ત્યારે આવા નમૂનાઓને કોણ હરાવવાની હિંમત કરે?

### તેલંગણા હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

# કોલેજ સત્તાવાળાઓ ફીની વસુલાત માટે વિધાર્થીઓના પ્રમાણપત્રો રોકી શકે નહીં

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

હૈદરાબાદની તેલંગણા હાઈકોર્ટે શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાર્થીઓના હિત માં એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, કોઈપણ ખાનગી શૈક્ષણિક સંસ્થા બાકી ફી ની વસૂલાત કરવા માટે વિદ્યાર્થીના અસલ શૈક્ષણિક પ્રમાણપત્ર રોકી શકે નહીં.

અદાલતે ભારપૂર્વક જણાવ્યુ હતું કે અસલ પ્રમાણપત્રો એ વિદ્યાર્થીની વ્યક્તિગત અને શૈક્ષણિક મિલકત છે અને કોઈ પણ સંસ્થાને તેને (પ્રમાણપત્રોને) પોતાની પાસે રાખવાનો અધિકાર નથી. હૈદરાબાદની સિધ્ધાર્થ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ વિરુધ્ધ સી.મુરલીધર નામના વિદ્યાર્થીએ દાખલ કરેલી રિટ પિટિશન પર સુનાવણી કરતા જસ્ટીસ જુવાડી શ્રીદેવીની સિંગલ જજની બેન્ચે આ આદેશ આપ્યો હતો.

કોર્ટે અવલોકન કર્યું હતું કે "જો કોલેજને વિદ્યાર્થી પાસે ફી ના નાણાં લેવાના બાકી હોય તો પણ અસલ પ્રમાણપત્રો દબાવી રાખવા એ વસુલાત માટેનો કોઈ માર્ગ હોઈ શકે નહીં. કોલેજ પાસે જો કોઈ લેણું હોય, તો તેણે તે વસૂલવા માટે કાયદાકીય પ્રક્રિયાનો આશરો લેવો જોઈએ." કેસની વિગતો મુજબ અરજદાર વિદ્યાર્થીએ બી.ટેક મિકેનિકલ એન્જિનિયરિંગ માં પ્રવેશ મેળવ્યો હતો અને તે સમયે તેના એસ.એસ.સી (SSC) ઈન્ટરમિડીયેટ, ટ્રાન્સફર સર્ટીફીકેટ અને બોનોફાઈડ જેવા અસલ દસ્તાવેજો કોલેજમાં જમા કરાવ્યા હતા.

પ્રવેશના માત્ર ૧૫ દિવસ બાદ કોલેજમાં વરિષ્ઠ વિદ્યાર્થીઓ સાથે થયેલી ટકરાર અને ત્યારબાદ બનેલી એક દુઃખદ ઘટનાને કારણે વિદ્યાર્થીએ અધવચ્ચે જ અભ્યાસ છોડી દીધો હતો. જ્યારે તેણે પોતાના દસ્તાવેજો પાછા માંગ્યા ત્યારે કોલેજે તેની અરજી સ્વીકારવાનો ઈનકાર કર્યો અને બાકીના ત્રણ વર્ષની ફી ચૂકવવાની માંગ કરી હતી.

વિદ્યાર્થીના વકીલે દલીલ કરી હતી કે આ પ્રમાણપત્રો વિદ્યાર્થી માટે રોજગારી મેળવવા અને આજીવિકા કમાવવા માટે અનિવાર્ય છે.

કોર્ટે આ દલીલ સાથે સંમતિ દર્શાવતા નોંધ્યું હતું કે, વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધો છે તે બાબત વિવાદિત નથી. કોર્ટે કોલેજ દ્વારા દસ્તાવેજો રોકી રાખવાના કૃત્યને "સંપૂર્ણપણે ગેરવાજબી" ગણાવ્યું હતું અને કોલેજને તાત્કાલિક તમામ અસલ પ્રમાણપત્રો વિદ્યાર્થીને પરત કરવાનો આદેશ આપ્યો હતો.

# અમદાવાદના થલતેજ ભાજપ ઉમેદવાર હિતેશ બારોટ ૧૦૯ કરોડના આસામી: શહેજાદખાન ૩ દુકાનના માલીક

### પાલડીના જૈનિક વકીલ પાસે મર્સિડીઝ અને બીએમડબલ્યુ સહિત ૩ વૈભવી ગાડીઓ: હિતેશ બારોટની સંપત્તિ કરોડોમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીમાં ભાજપ દ્વારા રીપીટ કરાયેલા થલતેજ વોર્ડ ના કોર્પોરેટર અને સ્ટેન્ડીગ કમિટિના પૂર્વ ચેરમેન હિતેશ બારોટ ૧૦૯ કરોડની મિલ્કતો ધરાવે છે. તો બીજી તરફ ટીકીટ મેળવવામાં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી કરી ચર્ચામાં રહેલા લીગલ કમિટીના પૂર્વ ચેરમેન જૈનિક વકીલ લકઝુરીયર્સ કારના શોખીન છે. તેમની પાસે મર્સિડીઝ અને બીએમડબલ્યુ જેવી ૩ વૈભવી ગાડીઓ છે.




મ્યુનિસીપલ કાઉન્સિલર તરીકે ૧૫ થી ૨૦ હજાર જેટલુ સામાન્ય વેતન મેળવતા જન પ્રતિનિધિઓ કયારે કરોડોના આસામી બની જાય છે તેની લોકોને ખબર પડતી નથી, જો કે ઉમેદવારી ફોર્મ સાથે રજુ કરાયેલા સોગંદનામામા તેમની વાસ્તવિક આર્થિક સ્થિતિ બહાર આવી છે. સોગંદનામાની વિગતો મુજબ આ વખતે થલતેજ વોર્ડ માં થી ભાજપના ઉમેદવાર હિતેશ બારોટ અને તેમના પત્નીના નામે ઓગણજ, બોડકદેવ , થલતેજ, નાંદોલ અને કુંડલ સહિતના વિસ્તારોમાં ખેતી તથા બિનખેતીની જમીનો અને મકાનો મળી ૧૦૭ કરોડથી વધુની સ્થાવર મિલ્કતો છે. આ ઉપરાંત તેમની પાસે ૫૭ તોલાથી વધુ સોનુ અને સુરક્ષા માટે એક રીવોલ્વર પણ છે.

તો બીજી તરફ પાલડી વોર્ડ માં છેલ્લી ઘડીએ ઉમેદવાર જાહેર કરાયેલા જૈનિક વકીલ અને તેમના પત્ની તેમજ પુત્રના નામે ચોપડે રૂપીયા ૬.૫ કરોડ ની મિલ્કત નોંધાયેલી છે.

તેમની પાસે મર્સિડીઝ, બીએમડબલ્યુ અને ટોયોટા સહિત ૩ મોંઘી કાર અને ૬૨ તોલા સોનુ છે.જે તેમની વૈભવી જીવનશૈલી દર્શાવે છે. જયારે વિપક્ષ નેતા શહેજાદખાન પઠાણ અને તેમનો પરીવાર રૂપીયા ૬૮.૧૮ લાખની જંગમ મિલ્કતો અને શાહઆલમમાં અંદાજે ૧૭ લાખની કિંમતની ૩ દુકાનો ધરાવે છે.

### પ્લીઝ, કોઈએ દારૂ માટે ફોન કે મેસેજ કરવો નહી: ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારે ભેગા થઈ વિડીયો બનાવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ તો ગુજરાતમાં કોંગ્રેસ અને ભાજપ સામ સામે પાર્ટી છે અને પ્રચારથી લઈને આક્ષેપો-પ્રતિ આક્ષેપોની હોડ માં એક બીજાને આંટી જાય એવી દલીલો કરતા હોય છે. પરંતુ ગાંધીનગર ની તાલુકા પંચાયતની ઉવારસદ બેઠકના ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર સાથે થઈ ગયા, બંને આજુ બાજુમાં ઉભા અને જયારે જુના ભાઈબંધ હોય એમ મિત્રતા કેળવી એક વિડીયો બનાવ્યો,



આમ તો આ વિડીયો સામાજિક જાગૃતિનો છે, પરંતુ એ વિડીયોમાં જે શપથ લેવામાં આવી છે એ વિચારતા કરી દે એમ છે, કારણ કે સ્થાનિક સ્વરાજયની ચુંટણી તો ઠીક બીજી કોઈ ચુંટણીમાં આવુ તો કોઈ દિવસ કયારેય કોઈએ જોયુ નહી હોય કે સાંભળ્યુ નહી હોય, ઉવારસદ બેઠકના આ બંને ઉમેદવારો કહી રહ્યા છે કે અમે કે અમારે ટેકેદારો કોઈપણ આ ચુંટણીમાં દારૂનો વ્યવહાર નહી કરે, તેમણે આખા વિડીયોમાં વિગતવાર દર્શાવ્યુ છે. આજે અમે ઉવારસદ સીટના ઉમેદવાર કોંગ્રેસ અને ભાજપ બંને ઉમેદવાર ભેગા થઈ અમારી કુળદેવી ચામુંડા અને કુળદેવી નાગેશ્વરી, બંનેના અમે સોગંદ ખાઈએ છીએ કે અમે દેશી કે ઈંગ્લીશ દારૂ, કોઈપણ પ્રકારનો અમારી ચુંટણીમાં કોઈપણ જાતનો વ્યવહાર કરીશુ નહી, અમેય ખરા અને અમારા ટેકેદારોય ખરા, અને ટેકેદારોને સુચના કે ભાઈ આ દુષણ કોઈ કરતુ હોય તો રોકજો, અને અમારૂ ધ્યાન દોરજો, પ્લીઝ સમાજને અહીં થી લાગણી અને મેસેજ કે કોઈ ફોન કે મેસેજ કરે નહી દારૂ માટે,

### હવે મેટ્રો સીટી અને મેટ્રો ટ્રેનનો વાયદો : દરેક ઝોનમાં નવી હોસ્પીટલો અને હાઈસ્કુલો બનાવાશે

# રાજકોટ કોર્પોરેશનના બજેટની કોપીપેસ્ટ જેવો ભાજપનો સંકલ્પ પત્ર : સ્માર્ટ સીટી પુરી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

મહાનગરપાલિકા સંચાલિત તમામ શાળાઓને સ્માર્ટ સ્કુલ બનાવાશે, શહેરના સર્વાંગી વિકાસનો રોડ મેપ રજુ કર્યો, રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણી માટે આજે વરસોથી સત્તાનો દબદબો ધરાવતા ભાજપે આજે ગુરૂવારે સંકલ્પપત્ર જાહેર કર્યો છે અને મોટા ભાગે મહાનગરપાલિકાના બજેટની કોપી સમાન યોજનાઓ જાહેર કરી છે.




જયારે નવા વાયદાઓમાં દરેક ઝોનમાં નવી હોસ્પીટલો તેમજ નવી હાઈસ્કુલો તથા કોર્પોરેશન સંચાલિત તમામ શાળાઓ સ્માર્ટ સ્કુલ બનાવવાનુ વચન આપ્યુ છે. આ ઉપરાંત રાજકોટને મેટ્રો સીટી બનાવવા તેમજ મેટ્રો ટ્રેનની દિશામાં આગળ વધવાનો વાયદો આપ્યો છે. રાજકોટના પ્રભારી મંત્રી જીતુ વાઘાણીએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે ઢંઢેરો ચુંટણીલક્ષી હોઈ શકે, પરંતુ સંકલ્પપત્ર તે ભાજપની જવાબદારી છે અને સામાન્ય માનવી માટેનુ કર્તવ્ય છે, ત્યારે ગઈ કાલની પ્રેસ કોન્ફરન્સમાં સૌરાષ્ટ્રના પ્રભારી મંત્રી જીતુ વાઘાણી, અનિરૂધ્ધ દવે, રાજકોટના ૪ ધારાસભ્ય તથા શહેર ભાજપ પ્રમુખ માધવ દવે હાજર રહ્યા હતા. અને ચુંટણીનો સંકલ્પપત્ર રજુ કર્યો હતો, એટલુ જ નહી વિગતવારે વાત ઉપર ચર્ચા કરવામાં આવી હતી કે અગાઉના ભાજપે કરેલા કામોની યાદી પણ લોકો વચ્ચે લઈ જવામાં આવશે, જેથી આ વખતે જે સંકલ્પ હાથ ધરવામાં આવ્યો છે તે ૨૦૪૭ ને ધ્યાને લઈ અને રાજકોટને મેટ્રો સીટી બનાવવા માટેનો છે.

સ્વસ્થ રાજકોટ અને ઝોન દીઠ મીની હોસ્પીટલ બનાવવાનો નિર્ણય અને સંકલ્પ ભાજપ દ્વારા લેવામાં આવ્યો છે. જેમાં પ્રથમ તબકકામાં એક મીની હોસ્પીટલ દરેક ઝોનમાં ઉભી કરવામાં આવશે. જેમાં લોકોને વિનામુલ્યે ઓપરેશન સહિતની તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવાની છે. તો બીજી તરફ અર્બન હેલ્થ સેન્ટરનો વિસ્તૃતિકરણ અને આયુષ્યમાન કાર્ડ માટેની સુવિધા વિકસાવવામાં આવશે. આરોગ્ય સુરક્ષા કવચનો વ્યાપ ૧૦૦ ટકા સુધી પહોચાડવામાં આવશે અને હાલના આરોગ્ય કેન્દ્રના આધુનિકીકરણ અને વિસ્તૃતિકરણની યોજના પણ હાથ ધરવામાં આવી છે.

સંકલ્પપત્રોના મુખ્ય સંકલ્પમાં જોઈએ તો (૧) નિયમિત ૨૦ મીનીટ સુધી શુધ્ધ અને નિયમિત પાણી આપીશુ (૨) રાજકોટ નો મેટ્રો સીટી તરીકે વિકાસ કરાશે (૩) દરેક વોર્ડ માં રોડ રસ્તા, ડ્રેનેજ, સાફ સફાઈની સુવિધા ઉભી કરાશે (૪) રાજકોટમાં નવા બ્રિજનુ નિર્માણ, સાંઢીયા પુલ અને કાલાવાડ રોડ સિગ્નેચર બ્રિજ નુ લોકાર્પણ કરાશે (૫) મેટ્રો ટ્રેન રાજકોટમાં દોડાવવાની જાહેરાત (૬) રાજકોટના નવા રીંગ રોડ ને ફોર ટ્રેક કરવાની જાહેરાત (૭) દરેક ઝોન દીઠ મીની હોસ્પીટલ તૈયાર કરાશે (૮) ઝોન દીઠ નવી હાઈસ્કુલ ઉભી કરાશે, સ્માર્ટ સ્કુલ તૈયાર કરાશે (૯) દરેક વોર્ડ માં લાયબ્રેરી ઉભી કરાશે (૧૦) રોજગાર , વેપાર અને ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે આયોજન (૧૧) મહિલા હોકર્સ ઝોન (૧૨) સોલાર ઉર્જા વપરાશકર્તાઓ માટે અને સીનીયર સીટીજન માટે કરવેરામાં વિશેષ વળતર યોજના (૧૩) જન્મ મરણના દાખલા, આધારકાર્ડ માં સુધારા સહિતની બાબતોમાં લાઈનમાં મુકિત મળશે અને ઓનલાઈન સુવિધા ઉભી કરાશે (૧૪) રાજકોટ શહેરમાં મેટ્રો ટ્રેન શરૂ કરવામાં આવશે.

### હાર જોઈ ગયેલી ભાજપે હથકંડા અપનાવ્યા : ૭૦૦ બેઠકો બિનહરીફ થતા લોકશાહી માટે શરમજનક : ઈસુદાન ગઢવીએ ભાજપ પર કર્યા આકરા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ઠેર ઠેર ભાજપ વિરૂધ્ધ બેનરો અને પોસ્ટરો લાગેલા જોવા મળતા હાર જોઈ ગયેલી ભાજપે મોડે મોડે હથકંડા અપનાવ્યા છે. ભાજપે બિનહરીફ બેઠકો જીતી નથી પરંતુ બિનહરીફ હથકંડા અપનાવી બેઠકો કરાવી છે.



સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ૭૦૦ બેઠકો બિનહરીફ થતા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. ગઢવીએ જણાવ્યુ હતુ કે ભાજપે સત્તા અને પોલીસનો દુરુપયોગ કરી, કયાંક લાલચ તો કયાંક ધમકી આપીને ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાવ્યા છે, જે લોકશાહી માટે શરમજનક છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે ભાજપ ચુંટણી લડવા લાયક ન હોવાથી આવા હથકંડા અપનાવી રહ્યુ છે. ઈસુદાન ગઢવીએ ચુંટણીપંચની ભુમિકા સામે પણ સવાલો ઉઠાવતા કહ્યુ હતુ કે તંત્ર મુકપ્રેક્ષક બનીને જોઈ રહ્યુ છે.

# જામનગર સાંસદ પુનમ માડમે ફેકી ચેલેન્જ : કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ સાથે એમના કાર્યકરો ફોટો પડાવી દે તો હું જાહેર જીવન છોડી દઈશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી નજીક આવતા જ રાજકીય માહોલ ગરમાયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં રાજકીય હલચલ વધુ તેજ બની રહી હોય તેવુ દેખાઈ રહ્યુ છે. જામનગર અને દેવભુમિ દ્વારકાના ખંભાળીયા વિસ્તારમાં યોજાયેલી ભાજપની વિકાસ સંકલ્પ સભામાં સાંસદ પુનમ માડમે આપેલી ચેલેન્જે રાજકારણમાં નવી ચર્ચાઓ જગાવી છે. પુનમ માડમે જાહેર મંચ પરથી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓને ખુલ્લી ચેલેન્જ આપી હતી.



આ સભામાં જામનગરના સાંસદ પુનમ માડમે ચેલેન્જ ફેકી હતી કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતા સાથે એના કાર્યકરો ફોટો પડાવી દે તો હું જાહેર જીવન છોડી દઈશ, આ નિવેદન બાદ રાજકીય પરીસ્થિતિમાં નવો વળાંક આવ્યો છે. સભામાં પુનમ માડમે જણાવ્યુ હતુ કે વિકાસની ગતિ જાળવવા માટે તાલુકા અને જિલ્લા સ્તરે મજબુત સંકલન જરૂરી છે. જેથી સ્થાનિક પ્રતિનિધિઓનો અવાજ સીધો દિલ્હી સુધી પહોચી શકે, તેમણે વિરોધપક્ષોને નિશાન બનાવતા કહ્યુ હતુ કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકરોને પોતાના નેતાઓ સુધી પહોચવા માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમણે આ દાવાને વધુ મજબુત બનાવવા માટે ખુલ્લી ચેલેન્જ ફેકી કે જો કોઈ કાર્યકર પોતાના રાષ્ટ્રીય નેતા સાથે વ્યકિતગત રીતે ફોટો પડાવી બતાવે તો તેઓ રાજકારણ છોડી દેશે, આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે.

પુનમ માડમ ની આ ચેલેન્જને તેમના કાકા અને પૂર્વ સાંસદ વિક્રમ માડમે તરત જ સ્વીકારી લીધી છે, તેમણે સોશીયલ મીડીયા પર એક વિડીયો શેર કરીને જણાવ્યુ હતુ કે કોંગ્રેસના સામાન્ય કાર્યકરો પણ રાહુલ ગાંધી જેવા નેતાઓ સાથે ફોટા પડાવી ચુકયા છે. તેમણે પુનમ માડમને વળતો પ્રહાર કરતા કહ્યુ હતુ કે તેઓ માત્ર ૪૮ કલાક માં જ આ ચેલેન્જ પુરી કરી શકે છે. વિક્રમ માડમે વધુમાં કહ્યુ હતુ કે નામ પસંદ કરવાનો અધિકાર પણ પુનમબેનને આપ્યો છે. જેથી કોઈપણ શંકા ન રહે, આ પ્રતિક્રિયાએ રાજકીય ટકરાવને વધુ તેજ બનાવી દીધી છે. વિક્રમ માડમે વધુમાં જણાવ્યુ હતુ કે નામ ચોઈસ કરવાનો અધિકાર પણ હું આપને આપુ છું, કોંગ્રેસનો કોઈપણ કાર્યકર મારા માટે સામાન્ય કાર્યકર નથી, મારા માટે તમામ કાર્યકર મહત્વના છે. તમે ૪૮ કલાકમાં મને એનુ નામ આપો, એ કાર્યકરનો ફોટો રાહુલ ગાંધી સાથે પડાવીને, આપ કહો એ જાહેરમંચ ઉપર હું ડીકલેર કરીશ, જો એ જાહેરમંચ ઉપર રાહુલ ગાંધીની સાથે એ કાર્યકરનો ફોટો નહી પડાવી શકુ તો જાહેર જીવન હું છોડી દઈશ, હવે જાહેર જીવન કોણ છોડશે એ તમારે નકકી કરવાનુ છે. મારે એટલુ કહેવુ છે કે આપે ચેલેન્જ આપી છે, ૧૨ વરસમાં પહેલીવાર એક મર્યાદાઓ હતી એ મર્યાદાઓ તુટી રહી છે. એટલે મારે હવે ચેલેન્જ આપવાની છે.

જો હું રાહુલ ગાંધી સાથે એ કાર્યકરનો ફોટો નહી પડાવી શકુ તો હું જાહેર જીવન છોડી દઈશ, તમે જે નામ નકકી કરો એ જાહેરમંચ ઉપરથી કરજો, એટલે જનતાને ખબર પડે કે કયુ નામ તમે સજેસ્ટ કર્યુ છે અને ફોટો જો હું પડાવીને આપી દઉ તો આપ આપની વાતો પર અટલ રહેજો.

### બેનરો ઉતારી લેજો નહીતર ચુંટણી પછી કોઈ બચાવવા નહી આવે : મધુ શ્રી વાસ્તવનો હુંકાર

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના માહોલ વચ્ચે રાજકીય પારો ગરમાયો છે. વડોદરા શહેરના વોર્ડ નં. ૧૫ માં આવેલી કેટલીક સોસાયટીઓમાં કોંગ્રેસે પ્રવેશ કરવો નહી તેવા રામભકિતના નામે લાગેલા બેનરો પર પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે આક્રમક પ્રતિક્રિયા આપી હતી. કોંગ્રેસને બિનશરતી ટેકો જાહેર કર્યા બાદ મધુ શ્રીવાસ્તવ હવે વિરોધીઓ સામે મેદાને પડયા છે. તેમણે સીધી ચીમકી ઉચ્ચારતા જણાવ્યુ હતુ કે જે લોકોએ આવા બેનરો લગાવ્યા છે તે વહેલી તકે ઉતારી લે, નહીતર ચુંટણીના પરીણામો બાદ તમને બચાવવા કોઈ નહી આવે. અમે અસલી સનાતની, કોઈના સર્ટીફીકેટની જરૂર નથી,



મધુ શ્રીવાસ્તવે બેનરો લગાવનાર તત્વોને આડેહાથ લેતા કહ્યુ હતુ કે અમે વરસોથી રામ ભકત છીએ અને સાચા સનાતની છીએ, રામભકત સાબિત કરવા અમારે કોઈના સર્ટીફીકેટની જરૂર નથી, અમે અમારી વડીલોપાર્જીત જમીનો વેચીને હનુમાનજીની ભવ્ય અને ઉંચી પ્રતિમા બનાવી છે, તેમણે વધુમાં કહ્યુ હતુ કે જે લોકો આજે ધર્મના નામે રાજકારણ કરી રહ્યા છે અને પ્રવેશબંધીના બેનરો લગાવી રહ્યા છે તેમને આ મધુ શ્રીવાસ્તવ હરાવવાની તાકાત આજે પણ રાખે છે. વિરોધીઓ પર નિશાન સાધતા મધુ શ્રીવાસ્તવે ધારાસભ્ય શૈલેષ મહેતાનુ નામ લીધા વગર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે કેટલાક નેતાઓ સ્કુલો ખોલીને લોકો સાથે છેતરપીંડી કરે છે. પેટ્રોલ પંપો બનાવે છે અને જમીનો હડપવાના ધંધા કરે છે, મારી પાસે ૨૫૦ વિઘા જમીન હતી, જેમાંથી રાજકારણ અને પ્રજાની સેવામાં ખર્ચ કરતા હવે માત્ર ૩૫ વિઘા જ રહી છે, તેમણે આ નેતાઓને બની બેઠેલા ગણાવીને હવે પરીવર્તન લાવવાની જરૂરીયાત પર ભાર મુકયો હતો.

રાજકીય વજન ધરાવતા મધુ શ્રીવાસ્તવે હુંકાર કર્યો હતો કે અગાઉ આ વિસ્તારમાં જે જીત મળી રહી હતી તેની પાછળ તેમનો હાથ હતો અને હવે હાર નો સ્વાદ ચખાડવાની જવાબદારી પણ તેમની જ છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે તેમની દિકરીઓ છેલ્લા ૧૦ વરસથી આ વિસ્તારની નિઃસ્વાર્થ સેવા કરી રહી છે. કોંગ્રેસને બિનશરતી ટેકો આપવાની જાહેરાત સાથે તેમણે મતદારોને અપીલ કરી હતી કે હવે સમય આવી ગયો છે કે આવા લોકોને જાકારો આપીને સત્તા પરથી દુર કરવામાં આવે.

# સુરતના સચિન GIDCમાંથી બે હજાર કિલોથી વધુ ડુપ્લિકેટ ઘી જપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

શહેરમાં ખાદ્ય સુરક્ષાને લઈને ચિંતાજનક પરિસ્થિતિ વચ્ચે સુરત શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે "ઓપરેશન શુદ્ધી" અંતર્ગત મોટી કાર્યવાહી કરીને સચિન GIDC વિસ્તારમાં ચાલતી ડુપ્લિકેટ ઘી બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૨,૦૨૯ કિલોગ્રામથી વધુ ભેળસેળયુક્ત ઘી સાથે કુલ રૂ. ૩૬ લાખથી વધુની મત્તાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે રેઈડ - શહેરમાં ડુપ્લિકેટ ઘીનું વેચાણ થતું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને એસ.ઓ.જી.ને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. અલગ-અલગ ટીમો બનાવી ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સિસની મદદથી તપાસ હાથ ધરવામાં આવી.

તેમની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે સચિન GIDC વિસ્તારમાં આવેલી ફેક્ટરી પર રેઈડ કરવામાં આવી છે. પોલીસે આ રેઈડ દરમિયાન બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. ભરતભાઈ ગોગનભાઈ પોલરા (ઉ.વ. ૪૮), રહેવાસી કામરેજ અને અમીન બાબુભાઈ વાઢવણિયા (ઉ.વ. ૪૫), રહેવાસી ઉમરા, સુરતને ઝડપી પાડ્યા છે.